# અધ્યાત્મ



વર્ષ : ૧૬ ઓક્ટોબર–૧૯૯૪ અંક : ૧

## * મમતા આસક્તિનો ત્યાગ કરી વ્યવહાર કરો *

માણસ સંસારમાં જ્યાં હોય ત્યાં જ ભલે રહે, જરૂરી વ્યવહાર કરે, ને સગાંસ્નેહીની વચ્ચે રહીને ઘરબાર ને બીજી મિલકત પણ સંભાળે, ગીતાને તેમાં કાંઇ હરકત નથી. પણ સંસારમાં તેણે મમતાનો ત્યાગ કરીને રહેવું જોઇએ એવો ઉપદેશ ગીતા આપે છે. સંસાર ઈશ્વરનો છે માટે તેમાં મમતા કરવી ને તેના કોઇપણ પદાર્થને પોતાનો માનવો બરાબર નથી. આ સંસારમાં સગાંસ્નેહી, કુટુંબી ને જમીનજાગીર બધું જન્માંતર કર્મો કે સંસ્કારના યોગાનુયોગ પ્રમાણે મળે છે. તે જ સંસ્કાર પ્રમાણે કોઇ પિતા, માતા કે સ્રી બને છે, તો કોઇ પુત્રપુત્રી ને ભાઇબહેન. કોઇ ગરીબ બને છે તો કોઇ અમીર. સંસ્કારો પૂરા થતાં સૌ આ સંસારમાંથી વિદાય થાય છે, કર્મ પ્રમાણે ફરી જન્મે છે, ને વળી નવાનવા સંબંધો બાંધે છે. આકાશનાં વાદળ જેવા આ સંબંધો આવનારા ને જનારા, થનારા ને વિલીન થનારા છે. તેમાં મમતા, રાંગવૃત્તિ કે આસક્તિ કરવી વિવેક કે ડહાપણની નિશાની નથી. સંસારના વ્યવહાર કરવા, સંબંધી તથા બીજા માણસો સાથેની ફરજ પણ પ્રેમપૂર્વક બજાવવી અને આ સુંદર તથા ઈશ્વરની માણસને અમૂલ્ય ભેટ જેવા સંસારમાં ને માનવશરીરમાં રહીને આનંદ પણ કરવો, જીવનનો રસાસ્વાદ લેવો, પણ તે બધું મમતા કે આસક્તિનો ત્યાગ કરીને કરવું. ભારતની મહાન જ્ઞાનગંગા આપણને એ સંદેશ આપે છે.

**યોગેશ્વરજી**

**"જય જય જ્યોતિર્મયી માતા, વંદુ માત ભવાની."**



**મહાત્મા શ્રી યોગેશ્વરજી અને એમનાં પૂ. માતાજી જ્યોતિર્મયી**

નિર્વાણ : ૪–૧૦–૮૦ ભાવનગર

## * માતૃ-વંદના *

જય જય જય જ્યોતિર્મયી માતા
વંદુ માત ભવાની......
લાડકવાયા પુત્રરત્નને પ્રભુપંથે પધરાવ્યા,
ત્યાગ તમારો ધન્ય ગણીને દેવો પણ હરખાયા.
જય જય....
દેવપ્રયાગે પ્રભુની સાથે છાયા બની વિરાજ્યાં,
કષ્ટ સહ્યાં એકાંત પ્રદેશે શ્રદ્ધા દીપ પ્રગટાવ્યા.
જય જય....
વ્રત ઉપવાસ પ્રભુના આપે સમજણ થકી વધાવ્યા,
પ્રત્યક્ષ માતૃદેવ ગણીને પ્રભુએ પણ અપનાવ્યાં.
જય જય....
પુત્રરત્નને પ્રભુરૂપ માની પરમશાંતિ તમે પામ્યાં,
જીવનનું કલ્યાણ કરીને, ભવનાં બંધન ટાળ્યાં.
જય જય....
સેવાનું સદ્ભાગ્ય ધરીને સર્વેશ્વરીને સ્વીકાર્યાં,
અંતે કૃપા ઘણી વરસાવી આશિષ દઈ સિધાવ્યાં.
જય જય....
મનહર મંગલ માતૃઅંકમાં બાળસ્વરૂપે પધારી,
યોગેશ્વરપ્રભુ દર્શન દેજો વિનંતિ લેજો વધાવી.
જય જય....
કૃપાતણી વર્ષા વરસાવો પરમધામથી પ્રીતે,
સર્વેશ્વરીનો સાદ સુધી લો યોગની અવનવી રીતે.
— મા સર્વેશ્વરી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦
વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| કબીરસુધા | પરમાર્થી | ૧૪ |
| સુખ શાંતિના ઉપાય | શંકર મહારાજ | ૨૧ |
| મુક્તિ માટેની ભક્તિ કેવી હોય? | વિનયભાઇ એસ. શેઠ | ૨૬ |
| સાક્ષાત્કારી સંત મહાત્મા યોગેશ્વરની પત્રસાધના | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૨૮ |
| નામસ્મરણ | યોગેશ્વરજી | ૪૧ |
| દિવાળી કે હોળી! | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૪૬ |
| ભગવદ્ સેવા | કમલ સુથાર | ૪૭ |
| મહાત્મા મસ્તરામજી | ઝિંઝુવાડીયા કનૈયાલાલ | ૫૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |


## * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના ઓક્ટોબર, ૧૯૯૪ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, એમ જાણવા મળ્યું છે. સત્સંગ મંડળનાં જે કોઇ ભાઇ-બહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરેજ અભિનંદનને પાત્ર છે. મા-પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એજ પ્રાર્થના. અગાઉ કેનેડા ને અમેરિકાના સત્સંગપ્રેમી ભાઇબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૧૪ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

— તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
–મા સર્વેશ્વરી

વર્ષ : ૧૬ ઓક્ટોબર–૧૯૯૪ અંક : ૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૬–૪–૮૧, સોમવાર, ચૈત્ર સુદ બીજ, ૨૦૩૭, સ્થળ : વડોદરા.**

નિત્યકર્મ મુજબ રાત્રે ૨ થી ૩ા પૂ. શ્રી અને સર્વેશ્વરી પોતાના જપ પૂરા કરે છે. સવારે વ્યાયામ, ગીતા ને દૂધ પણ નિયમિત લેવાય છે.

દરરોજની જેમ દૂધ બહાર મૂકાઇ ગયું હશે, એમ માની સર્વેશ્વરી દૂધ લેવા દ્વાર ખોલે છે. આ ઘરનાં યજમાન પત્ની શ્રી કુંદનબેન અને તેમની દીકરી કલ્પુ પણ બહાર ઉભાં હતાં તેની સાથે મારે તિથિવાળું કેલેન્ડર જોઇએ એવી વાત થઇ. નીચે તેની શોધ કરવા જાય છે પણ ન મળ્યું. જેથી દશ મિનિટ બહાર ઉભા રહી અંદર દૂધની તપેલી વિગેરે લાવવાનું બન્યું. એટલે તરત જ



પૂ. શ્રીએ પૂછ્યું. કેમ દૂધ બહાર આવ્યું ન હતું? સર્વેશ્વરી કહે, "આવી ગયું હતું, પણ મારે કેલેન્ડર મંગાવવું હતું, એટલે તેની શોધ ચાલતી હતી." પૂ. શ્રી ગંભીર બની કહેવા લાગ્યા : "તમને પછી દરરોજ સવારે પણ વાતો કરવાની ટેવ પડશે. સવારે તો મૌન જ રાખવું સારું. ત્યાગ કર્યો પણ સ્વભાવ થોડો જાય?"

પૂ. શ્રીની આ ગંભીર સૂચના હતી. હૃદયસોંસરી ઉતરી જાય એવી એ વાત હતી, જેથી સર્વેશ્વરી મૌન જ રહે છે. દૂધ પીને સર્વેશ્વરી બહાર હીંચકા પર બેસી આટલી નોંધ લખે છે. પૂ. શ્રી રૂમમાં અંદર પોતાના લખવાના આસન પર બેસી જપ કરે છે. ત્યારબાદ લેખનકાર્ય કરે છે.

સાડા અગિયારે સૌ દર્શનાર્થી પધારે છે. પ્રણામ કરી બેસે છે. શ્રી જીતુભાઇ ગાંધીના પિતાજી મગનભાઇ ગાંધી પણ આવીને બેસે છે. પૂ. શ્રી તેમને જોતાં જ કહેવા માંડયા :

"નારાયણનું સ્મરણ કરો. બદરીકેદારવાળા નારાયણ જેમની પાસે તમે એક મહિનો રહેલા. તેમની ભક્તિ, તેમનું જીવન, તેમનો સંયમ યાદ કરો. એટલે જે બધું દેખાય છે તે બધું ન દેખાય."

**શ્રી મગનલાલ ગાંધી :** "તેમનો સંયમ તો બહુ ભારે હતો. નદીના પાણીમાં ઉભા રહી તેઓ રોટલી લે. તેમાં ૧ રોટલી સમડીને નાંખે. ૧ માછલીને નાંખે ને ૧ પોતે ખાતા. પછી બહાર આવી જાય."

**પૂ. શ્રી :** મહિનાઓ સુધી ભાજી જ ખાય. કંતાનનો નાનો ટુકડો વીંટે. મૌન જ રાખે.

**સર્વેશ્વરી :** આપણે પણ એવો પ્રયોગ કરીએ તો?

**પૂ. શ્રી** : બધાને એવા પ્રયોગની જરૂર ન પણ હોય ને! ડ્રાઈવીંગ કરવાનો પ્રયોગ સાઈક્લીસ્ટ માટે નકામો રામનો પ્રયોગ સીતા માટે નકામો, તો સીતા માટે રામનો પ્રયોગ નકામો, એમાં બે બગડે.

ખેલાના નારાયણ પણ સારા હતા. તેમના એકનિષ્ઠ ભક્તો આજે પણ એટલી જ શ્રદ્ધાભક્તિથી તેમને વળગી રહ્યા છે.

**પ્રશ્ન** : ગુરુ ગમે તેટલા સારા હોય પણ કોઈ કારણે ન ફાવે તો શું કરવું?

**પૂ. શ્રી** : જુઓ, ગુરુ સારા હોય પણ મોટામાં મોટો અપરાધ તમે જેને એકવાર પૂજ્યભાવે જોવા લાગ્યા તેનો દ્રોહ કરવો તે સૌથી મોટો અપરાધ. ન ફાવે તો કાંઈ નહીં, પણ તેના ફોટા વિગેરે પણ કાઢીને મૂકી ન દો. બાજુમાં રાખો અથવા તેના જે ભક્ત હોય તેને આપી દો. ગુરુ કોઈ કારણે પણ તમને ન ફાવે તો પણ તેની ટીકા ન કરો. તટસ્થતા જાળવો.

**પ્રશ્ન** : ગુરુદ્રોહ થાય પછી બીજા જન્મે પણ તે દ્વેષ રહે ખરો?

**પૂ. શ્રી** : રહે જ ને. તે તે જન્મે વિના કારણે તે ગુરુની ટીકા જ કર્યા કરે. તે બીજા જન્મે ટીલિયા તરીકે જ કામ કરે. મિસ્ત્રી જેમ રંધા કામ કરે તેમ આપણે કોઈ સત્સંગમાં જતા હોઈએ તો તે કહે શું કામ ત્યાં જવું છે? વગેરે.

અમે જ્યારે ઉતરકાશી ગયેલા ત્યારે શ્રી નારાયણ સ્વામી ત્યાં રહેતા. પ્રથમવાર માતાજી મારી પાસે રહેવા આવ્યાં ત્યારે નારાયણની સાથે એક ભાઈ પણ રહેતા હતા. નારાયણે ખૂબ પ્રેમપૂર્વક માતાજીને જમાડેલાં.



**સર્વેશ્વરી** : માતાજી તમને માનાર્થે ક્યારથી બોલાવવા લાગ્યાં?

**પૂ. શ્રી** : ક્યારે?...હું એકવાર હિમાલય જઈને પાછો આવ્યો ને ભાદરણમાં શિક્ષક તરીકે કામ કરતો થયો, ત્યારથી માનથી બોલાવતાં.

**સર્વેશ્વરી** : તમને મહાત્મા પણ માતાજીએ જ કહેવા માંડયું?

**પૂ. શ્રી** : ના, એ તો મને લાગે છે દેવપ્રયાગમાં ચક્રધર જોશી એમ મહાત્મા તરીકે બોલાવતા, પછી હું પત્રવ્યવહારમાં સરળતા રહે એટલે ગુજરાતી મહાત્મા એમ લખતો થયો.

**સર્વેશ્વરી** : માતાજી તમને માનથી બોલાવવા લાગ્યાં ત્યારે તમે વિરોધ ના કર્યો?

**પૂ. શ્રી** : ના, મને સારું લાગ્યું, કેમકે મને વિચાર આવ્યો કે માતાજી હવે સંસારી સંબંધમાંથી મુક્ત થઈ વિશાળ દૃષ્ટિથી જોવા લાગ્યાં છે, તે તેમને માટે સારું છે, પોતાના પુત્રને પુત્ર તરીકે નહીં, પણ સંત તરીકે જોવું એ પણ એક વિશાળતા જ છે ને!

સમય પૂરો થયો. ફરીથી શ્રી મગનલાલ ગાંધીને પૂ. શ્રીએ કહ્યું : નારાયણ નારાયણ જપ કરો. સૌ પ્રણામ કરી વિદાય લે છે. પૂ. શ્રી કઢી, ભાત, રાબનું ભોજન લે છે.

ભોજન બાદ પેપરવાંચન પહેલાં પત્રલેખન કરાવે છે. પત્રના જવાબો જે ભાઈબેનોના અક્ષરો સારા છે તેની પાસે લખાવે છે, જેથી પૂ. શ્રીને એટલો આરામ મળે. પત્રલેખન કરાવી પૂ. શ્રી આરામ કરે છે. વળી પાંચ વાગ્યે ફરી પૂ. શ્રી લેખન માટે સોફાની નીચે એક જાડા ચારસા ઉપર બેસે છે. તુલસીકૃત રામાયણનો ગુજરાતી કાવ્યાનુવાદ કરવાનું કાર્ય આજકાલ કરે છે. પૂ. શ્રીનો

એમાં ઘણો સમય જાય છે. છ વાગ્યા સુધી પૂ. શ્રી એ કાર્ય કરે છે. પછી પોતાની બંડી ઉપર સફેદ ખાદીનો કકડો વીંટે છે અને બહાર વરંડામાં આંટા મારે છે. દોહાનું ભાષાંતર જે પોતે કર્યું છે તે બહાર સર્વેશ્વરી બેઠાં છે તેમને સંભળાવે છે.

વળી એક મિનિટ માટે પૂ. શ્રી અંદર આવી સુટકેશ ઉપર લેખનકાર્યના જે કાગળો છે, તેમાં ઉભા ઉભા કંઇક લખે છે, વળી બહાર આવી તે સર્વેશ્વરીને સંભળાવે છે, જેમાં પૂ. શ્રી એક ગીતની લીટી બોલે છે.

**પૂ. શ્રી :** પ્રભુની કૃપા વિના આવું બધું કાંઇ લખાય ખરું? પ્રભુની કૃપાથી મંત્રો મળે તે ખરું જ ને! કોઇપણ જાતનો રાગ બેસાડયા વિના કુદરતી રીતે જ રાગમય પંક્તિઓ મનમાં સ્ફુરે ને લખાય કેટલી બધી કૃપા કહેવાય!

ત્યાં તો ૬:૧૫ સમય થયો. પૂ. શ્રીએ કહ્યું, પાંચ મિનિટ પછી દ્વાર ખોલી નીચે બેલ મારો, જેથી સૌ આવી શકે. પાંચ મિનિટ બાદ બેલથી સૂચના આપવામાં આવે છે. સૌ આવે છે, હોલ આખો ભરાઇ જાય છે.

પૂ. શ્રી ગીતાનો બીજો અધ્યાય વાંચવાની સૂચના આપે છે. તે મુજબ સૌ પાઠ કરે છે. પાઠ કર્યા બાદ શ્રી મંજુલાબેન અમીન ભજન ગવડાવે છે. સર્વેશ્વરીની "મારા જીવન આંગણે આવે"ની જ કૃતિ તે ગવડાવે છે. પછી સર્વેશ્વરી ડાયરીનું એક પાનું વાંચે છે. પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે, એક નાનકડો યુવાન પ્રશ્નોનો કાગળ લાવે છે. તેને જ પૂ. શ્રી વાંચવા માટે કહે છે. પ્રશ્નો ઘણા હતા જે બધા પ્રશ્નો અગાઉની નોંધમાં આવી ગયા છે જેથી નોંધ ન કર્યા.



**પ્રશ્ન :** તમે જેને જગદંબા કહો છો તે પ્રભુપ્રાપ્તિમાં આવી જાય છે?

**પૂ. શ્રી :** જેને અમે જગદંબા કહીએ છીએ તેને તુલસીદાસ રામાયણમાં રામ કહે છે, કેટલાક તેને કૃષ્ણ, કેટલાક વળી શંકર, બ્રહ્મા, પરબ્રહ્મ, પરમાત્મા કહે છે, સર્વને જીવન આપનારા તે જ પ્રભુ પણ નામ જુદાં જુદાં છે. જગદંબા એ જ પરમશક્તિ છે.

**પ્રશ્ન :** આપણને અહીં પૃથ્વી પર શા માટે મોકલ્યાં?

**પૂ. શ્રી :** તમે પ્રશ્ન પૂછી શકો માટે તમને પૃથ્વી પર મોકલ્યા ને મને એના જવાબ આપી શકાય, માટે મોકલ્યો હશે, (હસાહસ) અહીં આપણે આવ્યા તે પેલા લીલાધરને (રમત રમનારને) શોધી કાઢવા માટે. તેને સંતાકુકડી રમવામાં આનંદ આવે છે. તેને તે રમતથી શોધી કાઢવા માટે આપણે અહીં આવ્યા.

હવે અહીં આવી તો ગયા. હવે કોઇનું ભલું કરી છૂટો. ભૂલભૂલામણીમાંથી છૂટો. આપણને જે શક્તિ મળી છે તે શક્તિનો આપણે વિકાસ કરીએ.

બીજા પણ ઘણા પ્રશ્નો પૂછાયા. ત્યાં તો બે બે ભાઈઓ ઉઠે છે શહેરની અશાંત પરિસ્થિતિને લીધે તેઓ જલ્દી ઘરે જાય છે. પૂ. શ્રી કહે જીવમાત્રને કર્ફ્યુ લાગ્યો જ છે ને તો ધૂન બોલાવો, જેથી શ્રીકુંદનબેન ધૂન બોલાવે છે. ત્યારબાદ પૂ. શ્રી કહે છે : ૫૫, અરુણોદય સોસાયટીના ઉપરના માળે રાત્રે આઠ વાગ્યે કર્ફ્યુ લાગી જાય છે તે છેક બીજે દિવસે સાડા અગિયારે પૂરો થાય છે. સાડા અગિયારથી બાર હળવો થાય છે. (પૂ. શ્રી કહેવા માંગે છે કે ૮ વાગ્યે બેઠક પૂરી થશે. મળવાનો સમય પૂરો થશે. હવે આવતીકાલે ૧૧॥ વાગ્યે મળી શકાશે)

સૌ પ્રણામ કરી વિદાય લે છે. પૂ. શ્રી વરંડામાં બેસી ખીચડી દૂધનું ભોજન લે છે. ભોજનની સેવા શ્રી કૈલાસબેન પોતે બ્રાહ્મણ હોવાથી બજાવે છે, તેઓ દરરોજ પોતાના ઘરેથી રસોઇ બનાવવા જ આવે છે.

પૂ. શ્રી ભોજનબાદ બહારના મોટા ખંડમાં મોં ધોવા આવે છે ત્યારે બોલતા બોલતા આવે છે : ગોકા, મથા, નટા, નાગા—એ સાંભળી સર્વેશ્વરી કહે છે અહીં સઘળા તીર્થો ભેગા થાય છે. (બધાં હસે છે)

**પૂ. શ્રી :** પ્રેમથી બોલાવીએ એટલે ભગવાનને ગમે.

**સર્વેશ્વરી :** કાલથી અમે તમને એવા નામથી બોલાવવા માંડીએ તો ચાલે?

**પૂ. શ્રી :** હા, કેમ ન ચાલે? પ્રેમથી બોલાવો તો ચાલે.

**સર્વેશ્વરી :** ના, સાંભળનાર કહે આનું મગજ ગયું છે કે શું?

પૂ. શ્રી પોતે શાંતિથી સાંભળી મોં ધોઇને અંદર આવે છે. પૂ. શ્રી હે દીનબંધુ, દીનાનાથ, શંકરદાદા એમ બોલતાં બોલતાં અંદર આવે છે.

શ્રી કૈલાસબેન ઘરે જવાની વિદાયના પ્રણામ પૂ. શ્રીને કરે છે. પૂ. શ્રી દરરોજ તેમને સૂર્યનારાયણ કહે છે. (કારણ કૈલાસબેન સૂર્યનારાયણ બોલીને જ ભોજન વગેરે લે છે.)

આ ઘરની દીકરી કલ્પુ તથા કુંદનબેન પૂ. શ્રી સાથે થોડી કલ્પુના અભ્યાસની વાતો કરે છે. પછી પ્રણામ કરી વિદાય લે છે. સર્વેશ્વરી નોંધ લખે છે. પૂ. શ્રી વરંડાના પલંગ પર આરામ કરે છે. હરિઃ ૐ



**તા. ૭–૪–૮૧, મંગળવાર, ચૈત્ર સુદ ત્રીજ, ૨૦૩૭, સ્થળ : વડોદરા.**

સવારે પૂ. શ્રી નિયમ મુજબ ઉઠી જાય છે. રાત્રે જપ પૂરા કરી દીધા હોય છે. સ્નાન, વ્યાયામ, દૂધ પીવું નિયમિત લેખન માટે નીચે બેસી જાય છે. આજકાલ પૂ. શ્રી તુલસીકૃત રામાયણનો ગુજરાતી કાવ્યાનુવાદ કરે છે.

**સર્વેશ્વરી :** આ અનુવાદ તમે સહેલો કરજો, જેથી સામાન્ય માનવ સુધી તે પહોંચી શકે. રામાયણદર્શન ગ્રંથ ઘણો ભારે પડે છે.

**પૂ. શ્રી :** સામાન્ય માનવ માટે આપણે અતિ સામાન્ય નથી બનવાનું. સામાન્ય પણ થોડા ઉપર ઉઠે ને વાંચવા પ્રયત્ન કરે તે જરૂરી છે.

લેખનકાર્ય કર્યા બાદ પૂ. શ્રી થોડો આરામ કરે છે. ત્યારબાદ પૂ. શ્રી દાઢી કરીને લુંગીને બદલી ધોતિયું ને બંડી પહેરી લે છે. ત્યાં તો ૧૧:૨૦ થઇ પણ જાય છે.

બરાબર સાડા અગિયારે બારણાં ખૂલે છે. સૌ ભક્તો આવીને બેઠા છે. વડોદરા યોગેશ્વર સત્સંગ મંડળની ચર્ચા થાય છે. બીજી ખાસ વાતો થતી નથી. ૧૨:૧૫ મિનિટે સૌ પ્રણામ કરી વિદાય લે છે. ત્યારે પૂ. શ્રી કહેવા લાગ્યા : પવિત્ર નવરાત્રિ ચાલે છે, જપ વધારે ને વધારે કરજો. (સૌ એની ગંભીરતાથી નોંધ લે છે.) યોગેશ્વર સત્સંગ મંડળના સભ્યો ફરી પૂ. શ્રી સાથે લગભગ ૧ કલાક ચર્ચા કરે છે. ત્યારબાદ ભોજન વિગેરે થાય છે.

ભોજનબાદ પેપરવાચન કરી પૂ. શ્રી આરામ કરે છે, પાંચ વાગ્યે ફરી તુલસીકૃત રામાયણનો કાવ્યાનુવાદ કરવા બેસી જાય છે. છ વાગ્યા સુધી એ કાર્ય ચાલુ જ રહે છે. છ વાગ્યે એક

ભાઈને દસ મિનિટ મળવું હોય છે. તેમને પૂ. શ્રી બોલાવે છે. ત્યાં જ લુસાકાથી શ્રીઈશ્વરભાઈ આવે છે. તેમને પૂ. શ્રી ઉપર બોલાવે છે. થોડી વાતો કરે છે. ત્યાં ભક્તો બહારના રૂમમાં આવીને પોતાની બેઠક લે છે. પૂ. શ્રી ઈશ્વરભાઈ સાથે વાતોમાં હોવા છતાં બહાર બેઠેલા ભક્તોને ૪, ૫ અધ્યાય સરળગીતાના વાંચવા કહે છે. જેથી ભક્તો ચોથા અધ્યાયનો પાઠ શરૂ કરે છે. પૂ. શ્રી થોડી-વારમાં જ બહાર આવે છે. ચોથા અધ્યાયના પાઠ બાદ કલ્પના-બેન ભજન ગવડાવે છે. વળી પૂ. શ્રીની આજ્ઞાથી સર્વેશ્વરી મોરબીના નિવાસની ડાયરીનું એક પાનું વાંચે છે.

ત્યારબાદ પ્રશ્નોત્તરી શરૂ થાય છે. શરૂઆતમાં કોઈ પ્રશ્ન પૂછતું નથી. પછી શ્રી વિનુભાઈ ને શ્રી કુંદનબેન પૂછે છે. બે ત્રણ પ્રશ્નો બાદ લુસાકાથી આવેલા શ્રી ઈશ્વરભાઈ ઝમ્બીયાની થોડી વાતો કરે છે. ત્યારબાદ ગઈકાલવાળો પેલો નાનકડો યુવાન આજે પ્રશ્નો લઈને આવે છે. ખૂબ નીડરતાથી પ્રશ્નો વાંચે છે.

**પ્રશ્ન :** હું ઘણા સંતમહાત્માઓને મળ્યો, પણ મને એ સમજાતું નથી કે ભગવાનના ભક્તોને વ્યાધિ કેમ થાય છે?

**પૂ. શ્રી :** તમે ભક્ત હો, તમે દરરોજની ૫૦ માળા જપતા હો અને એકવાર તમે મુઠ્ઠી ભરીને મરચાં ખાઈ જાઓ ત્યાં ભક્તિ શું કરે? ભક્તને ઝાડા થઈ જાય. થાય જ ને! એમાં ભક્તિ સાથે શું સંબંધ? આહારવિહારના નિયમ, અતિશ્રમ, અનિદ્રા વિગેરેથી પણ વ્યાધિ આવે છે.

ભગવાન રમણમહર્ષિ મહાપુરુષ છતાં તેમને શરીરમાંથી ગરમી ફૂટી નીકળી. મરચાં, આમલી વગેરે ખોરાકને લીધે કદાચ તે થયું હશે, પરંતુ મહત્ત્વની વાત તો એ છે કે આપણે આ શરીરરૂપી પ્રોપર્ટીમાં આવ્યા, એટલે ટેક્ષ તો ભરવો જ પડે ને!



તમે પોતાના મકાનમાં રહેતા હો કે ભાડે રહેતા હો, પણ સરકારને ટેક્ષ તો આપવો જ પડે ને? પછી તે ટેક્ષ સુખનો, દુઃખનો આનંદનો, વિરોધનો, પ્રતિકૂળતાનો હોઈ શકે. પણ તે વ્યાધિ પ્રસંગે મહાપુરુષનાં મન કેવાં રહે છે તે જોવાનું છે. મહાપુરુષો શાંતિથી હસતાં હસતાં તે ભોગવે છે. બીજો કયો પ્રશ્ન છે?

**પ્રશ્ન :** ઘણીવાર સંતો જાય પછી શ્રદ્ધા તૂટવા માંડે તો તેનું કંઈ માર્ગદર્શન આપશો?

**પૂ. શ્રી :** હા, તમે માંગેલું દર્શન (માર્ગદર્શન) આપું છું. સંતોની હાજરીમાં, તેના સાન્નિધ્યમાં સ્થૂળ રીતે તો બેસવું જ, પણ બાકીના સમયમાં સંતો સાથે મનથી બેસતાં શીખો. સંતોનાં પુસ્તકો નિયમિત વાંચો. મનથી તો આપણે સંતો સાથે રહી શકીએ. તનથી રહેવાનું તો પુત્રને પણ પિતા પાસે નથી હોતું. એ આપણા હાથમાં નથી ને! નોકરી મળે તો પુત્ર પિતાથી છૂટો થઈને દૂર રહેવા જાય છે. એમ મનથી તો સંતો સાથે રહેતાં શીખો એટલે સત્સંગ મળ્યાં જ કરે.

એકાદ બે પ્રશ્નો બીજા પણ પૂછાયા, પણ ખાસ મહત્ત્વના ન હતા. સમય પૂરો થતાં પૂ. શ્રી ધૂન બોલાવવાની સૂચના કરે છે. સર્વેશ્વરી એક ભજન ગવડાવે છે. ત્યારબાદ કુંદનબેન ધૂન બોલાવે છે. શાંતિપાઠ થતાં સૌ પ્રણામ કરી પ્રસાદ લઈ છૂટા પડે છે.

પૂ. શ્રી ખીચડી ને દૂધનું ભોજન લઈ ધ્યાનમાં બેસે છે. સર્વેશ્વરી ડાયરી નોંધ કરી આરામ કરે છે. મહાપુરુષની સાથે સતત સત્સંગ મળ્યા કરે છે. જીવન આનંદથી વીતે છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

# કબીરસુધા

**પરમાર્થી**

શ્રી યોગેશ્વર લીલામૃતનો રસપૂર્વક અભ્યાસ કરનારે મને ખાનગીમાં આવીને એક દિવસ પૂછ્યું કે પાંચમા અધ્યાયના ૩૬ મા શ્લોકમાં પૂ. માએ લખ્યું છે :

મળે કયા પુણ્યોદયના પરિણામથી
અનુકૂળ ભોજન, સંગ ને વિહાર જો !
વિચારતાં સમજાય નહીં, તેથી ઘણી
ભર્તુહરીની વાણી આવે યાદ જો !

ભર્તુહરીની કયી વાણી? વિજ્ઞાનશતકની? કે શૃંગારશતકની? કે પછી વૈરાગ્યશતકની? એ દ્વારા પૂજ્યશ્રી શું વિશેષ કહેવા માંગે છે? તમને વાંધો ન હોય તો મને સવિસ્તર સમજાવો.

મેં તેમને પૂછ્યું : "તમે 'પ્રકાશના પંથે" ગ્રંથ વાંચ્યો છે? તેમણે ના કહી. તેથી મેં તેમને તે ગ્રંથ વાંચવાની ભલામણ કરીને કહ્યું કે તે આત્મકથા છે. તેને વાંચવાથી તે દ્વારા પૂજ્યશ્રી શું કહેવા માંગે છે તે સ્પષ્ટ ને સચોટ રીતે સમજાય જશે. છતાં જિજ્ઞાસાથી તમે આતુર છો તેથી તમને કામચલાઉ સંતોષ થાય તેવી સમજ આપવા પ્રયત્ન કરીશ. મુસાફરીમાં કેટલીકવાર વિસામો નજીક આવી લાગ્યો હોવા છતાં તરસ લાગતી હોય છે. ત્યારે ઘરે જઇને ધરાઇને પીશ પણ હમણાં તો થોડું પીવું જ છે એવો મન નિર્ણય કરે છે ત્યારે પરબ પર ઊભા રહી કામ ચલાઉ પાણી પી લેવું પડે છે તેમ તમે પણ સંતોષ માનવા પ્રયત્ન કરજો.



પૂજ્યશ્રીએ ભર્તુહરીના વૈરાગ્યશતકના શ્લોકને યાદ કર્યો હતો. તે વખતે તેઓ ઉત્તરકાશીમાં હતા. ત્યારે તેમના મનમાં મુંબઈમાં ભણતા હતા તે વખતની વિદ્યાર્થી અવસ્થાની સ્મૃતિ તાજી થઇ હતી. મુંબઇ છોડ્યાને પૂજ્યશ્રીને હજી ચાર વર્ષ જ થયાં હતાં તેથી સ્વાભાવિક રીતે વિદ્યાર્થી જીવનમાં ભોગવેલી અગવડ–સગવડ યાદ આવેલી. ઉત્તરકાશીના તે વખતના તેમના જીવનને સરખાવી જોતાં તેમણે આ શ્લોક યાદ કરેલો :

यदेतत्स्वच्छन्दं विहरणमकार्यण्यमशनं
सहार्यैसंवासः श्रुतयुयशमैकव्रतफलम् ।
मनो मन्दस्पन्दं बहिरपि चिरस्यापिविमृशन्
न जाने कस्यैषा परिणतिरुदारस्य तपसः ॥

એનો ગુજરાતીમાં ભાવાનુવાદ એ જ છંદમાં આ રીતે થઇ શકે:—

મળે ખાવા ઈચ્છા મુજબ, ફરવું વાંછિત સદા,
ન જાણું શા મારા તપફળ રૂપે સંત મળતા
મળે શાસ્ત્રો કેરું શ્રવણ, વિષયોથી વિમુખ થૈ
કયા પુણ્યે રે'તું સતત મનયે શાંત અદકું?

હિમાલયના જંગલોમાં પણ થોડું થોડું ખાવાનું તો મળી રહેતું. સારા સારા સંતોના દર્શન પણ થતાં ને સત્સંગનો લાભ પણ મળી રહેતો. જ્યારે ફરવું હોય ત્યારે ફરી શકાતું ને ચંચળ મન પણ નિર્વિષયી બની સાધનામાં સહકાર આપતું. તેમાં ઈશ્વરની જ કૃપા હોવી જોઇએ એવું પૂજ્યશ્રીને લાગતું. અજાણ્યા પ્રદેશમાં પણ સાધના માટેની તમામ અનુકૂળતા કેમ મળ્યા કરતી હશે એવા વિચારમાં મન નિમગ્ન બનતું ત્યારે તેમને ભર્તુહરીની આ વાણી યાદ આવતી.

મને આજે પૂજ્યશ્રીની વાણી યાદ આવે છે. ત્યારે પૂજ્યશ્રી સાથે અમેરિકામાં જ હતો. સાન્તા એનાની અલોહા મોટલમાં મને પૂજ્યશ્રી સાથે જ્ઞાનચર્ચા કરવાની ઘણી તક મળેલી. એક દિવસે અલોહા મોટલની બહાર ફરતે થોડું ચાલવા નીકળ્યા હતા. ત્યારે મેં પ્રશ્ન પૂછેલો : 'તમે મળ્યા ને તમારી સાથે ફરવાનો તેમ જ વાતો કરવાનો લાભ મળ્યો તેમાં પ્રભુની કૃપા સમજવી કે અકસ્માત સમજવો?' ત્યારે તેમણે ખૂબ જ વિશદતાથી સમજાવતાં કહેલું કે પ્રભુની કૃપા વિના આપણી મુલાકાત થઇ જ ન શકે. સાથે સાથે તેમણે તે દિવસે કર્મનો સિદ્ધાંત પણ સમજાવ્યો હતો. કર્મના પરિપાક રૂપે બધી ઘટના બનતી હોય છે. એમ ને એમ કાંઇ જ બનતું નથી. ભગવાનમાં શ્રદ્ધા ન ધરાવતો માણસ ભલે આપણી મુલાકાતને સુખદ અકસ્માત માને. ખરેખર તે સત્ય તો નથી જ. દરેક જીવ પોતપોતાના કર્મ પ્રમાણે જ જીવન ગુજારે છે. પહેલાંનાં કર્મોનું ફળ વર્તમાનમાં ભોગવે છે તેમ વર્તમાનનાં કર્મોનું ફળ ભોગવવા ભવિષ્યમાં પણ તૈયાર રહેવું જ પડે છે. જે ભોગવવા તૈયાર નથી રહેતો તેને વારંવાર તૈયાર થવાની તક આપવામાં આવે છે, પણ ભોગવ્યા વિના છૂટકો થતો નથી. કર્મનો પરિપાક થાય ત્યારે જ લાભ કે ગેરલાભ થતો હોય છે. જેમ કર્મ કર્યા વિના માનવ એક ક્ષણ પણ રહી શકતો નથી તેમ કર્મનાં ફળ ભોગવ્યા વિના તે મુક્ત થઇ શકતો નથી. તેથી કર્મ કરવાની કુશળતા પ્રાપ્ત કરી લેવી જોઇએ. ગીતા કહે છે કે **योगः कर्मसु कौशलं** અર્થાત્ કર્મ કરવાની કુશળતાને જ યોગ કહેવામાં આવે છે. કર્મ એવી રીતે કરવું જોઇએ કે તે કર્મ બંધનકારક ન થાય. કર્તૃત્વનું અભિમાન છોડીને કર્મ કરવાની ટેવ પાડવી જોઇએ. પણ તે સરળ તો નથી જ. ખાસ્સી મહેનત માંગી લે છે. તે સિદ્ધ



કરવા માટે કાંઇ ને કાંઇ ભોગ આપવો પડે છે. માનવની ભક્તિ જેમ જેમ ધારદાર બનતી જશે તેમ તેમ પ્રભુની કૃપાને આધારે જ જીવવાની ટેવ પડતી જશે. પ્રભુકૃપાના પ્રાધાન્યનો મહિમા જેમ જેમ સમજાતો જશે તેમ તેમ કર્તૃત્વનું અભિમાન પણ ઓગળતું જશે. પરિણામે પ્રભુની કૃપાનું જ દર્શન પ્રત્યેક પગલે કરવાનું તે શીખી જશે. પણ મનનું માની લીધેલું ઘણું બધું તો છોડવું જ પડે છે. તે ન છૂટે ત્યાં સુધી પ્રગતિ થતી નથી. જેવી ભક્તિ તેવી ગતિ!

મારા મનમાં વીજળીના ચમકારાની માફક કબીર સાહેબની સાખી ચમકી ગઇ ને મારાથી બોલાઇ ગયું :

બૈઠા હૈ ઘર ભીતરે, બૈઠા હૈ સાચેત,
જબ જૈસી ગતિ ચાહતા તબ તૈસી મતિ દેત.

પ્રત્યાઘાત આપતાં પૂજ્યશ્રીએ કહેલું કે 'બરાબર છે. કબીર સાહેબ સાચું જ કહે છે. દરેક શરીરમાં તે સાક્ષીરૂપે રહેલો જ છે. તેની શક્તિથી જ જીવન ચાલે છે. તેના બળથી જ સમગ્ર સંસાર પ્રત્યેક કામો કરે છે. તેથી તેના શરણે જનારને લાભ જ થાય છે. તેની ભક્તિ કરવાથી, પ્રાર્થના કરવાથી, તેની પ્રેમપૂર્વક સહાય માંગવાથી શરણાગતને યોગ્ય માર્ગદર્શન મળી જ રહે છે. અમે પણ અનુભવ્યું છે.'

એ રીતે વિચાર કરવામાં આવે તો નાનપણમાં ભણવા માટે મુંબઇ આવવાનું થયું ને અનાથાશ્રમમાં રહેવા માટે તક મળી તેમાં પણ ઈશ્વરની કૃપા જ હતી. નહીં તો અનાથાશ્રમમાં જગ્યા કેવી રીતે મળે? પૂજ્યશ્રી કાંઇ અનાથ તો નહોતા. તેમના મામાના શેઠની ઓળખાણથી જગ્યા મળેલી એમ માનીએ તો પણ પ્રભુની

પ્રેરણા જ ભાગ ભજવી ગયેલી એમ માનવામાં કાંઇ હરકત નથી. મામાને, શેઠને કે આશ્રમના વ્યવસ્થાપકને પ્રેરણા કરનાર તો પ્રભુ જ ને? અજાણ્યા માણસને પ્રેરણા આપીને પ્રભુ કોઇને કોઇ વ્યવસ્થા ઉભી કરતો જ હોય છે એવું વિદ્યાર્થી અવસ્થાથી જ પૂજ્યશ્રી માનતા હતા. વિદ્યાર્થી અવસ્થામાં તેઓ અંતર્મુખ હતા. તેથી પ્રભુ પરાયણતાના વિચારો તેમના વાણી વર્તનમાં એકરૂપ થયેલા જણાતા હતા. કોઇ વાનપ્રસ્થીને ભગવાનના વિચારો આવે તેનાથી પણ ઉમદા અને ઉચ્ચકોટિના વિચારો મહાત્માજીને તે વિદ્યાર્થી અવસ્થામાં ઉદ્‌ભવતા હતા. તેથી જ તેઓ વીસવર્ષની વયે સર્વસ્વનો ત્યાગ કરી પોતાની પુરાતન પ્રચંડ પ્યાસની તૃપ્તિ માટે હિમાલયની ગોદમાં આવી ચઢયા હતા. પ્રતિકૂળતામાં પણ પ્રસન્નતાનો ભાવ અનુભવવાની તેમણે નાનપણથી પાડેલી ટેવ હિમાલયના અજાણ્યા પ્રદેશના એકાંતવાસમાં પણ સાધનાત્મક જીવનમાં અત્યંત ઉપકારક થઇ પડી હતી. તેના ઉદાહરણરૂપે જ આ શ્લોક સમજવાથી આનંદ આવે છે.

મુંબઇ કરતાં ઉત્તરકાશીમાં અગવડ વધારે ભોગવવી પડે તે સમજી શકાય એવી વાત છે. દંડીસ્વામીના અન્નક્ષેત્રમાંથી આઠ રોટલી ને શાક મળતું તેમાંથી સાંજને માટે ચાર રોટલી રહેવા દઇ બાકીની આરોગી જતા. મિતાહારી બનીને સાધનામાં રત રહેતા. ઘણીવાર તો લાંબા ઉપવાસો પણ કરતા. ઉપવાસો પણ પ્રભુની પ્રેરણાથી જ થતા એવું તેમણે કહ્યું છે. તે બધા ઉપવાસો કઠિન હતા. "પ્રકાશના પંથે" ગ્રંથમાં તેનું સુંદર વર્ણન છે. તે વાંચીને મેં એકવાર તેમને પૂછેલું : 'ઉપવાસોમાં માનસિક અવસ્થા કેવી રહેતી?' તેમણે ખુલાસો કરેલો કે મન તો જગદંબાનાં દર્શનને માટે આતુર જ રહેતું. રડયા જ કરતું. બીજું કાંઇ યાદ આવતું જ



નહિ. ભૂલેચૂકે પણ કાંઇ યાદ આવી જતું તો તે પણ વિરહાગ્નિની પ્રબળતામાં બળીને ભસ્મ બની જતું.

તેમણે એમ પણ કહેલું કે એકદમ પ્રારંભના દિવસોમાં ક્યારેક મન પ્રતિકૂળ બની જતું પણ ખરું. પણ ઈશ્વરની કૃપાથી તે પણ અનુકૂળ થઇ જતું. પ્રાર્થનાના સહારે અનુકૂળતા પ્રાપ્ત થઇ જતી. તે દિવસોમાં મને ભૂખ ને તરસના મહિમા વિષે સમજ પડેલી. ભૂખ ને તરસની વૃત્તિ કુદરતે માણસમાં ન મૂકી હોત તો તે ભગવાનને યાદ કરતે જ નહીં. ભૂખ અને તરસ પર જે વિજય પ્રાપ્ત કરે છે તે નિદ્રા અને સંભોગની વૃત્તિ પર સહેલાઇથી કાબુ મેળવી શકે છે. પરિણામે તે કુદરત પર પણ વિજય પ્રાપ્ત કરતો થઇ જાય છે. કુદરતી પરિબળો તેની આજ્ઞાને અનુસરતાં થઇ જાય છે. માટે ભૂખ અને તરસ માનવ જીવનના ઉદ્ધારમાં અગત્યનો ભાગ ભજવે છે. તેથી મોઢું ને તેમાં રહેલી જીભ માનવના જીવનમાં અગત્યનું સાધન ગણાય છે. માનવ મોઢા દ્વારા ખાય છે તેથી શરીરમાં રહેલી બાકીની બધી જ ઇન્દ્રિયો પોષણ મેળવીને તાજીમાજી રહી શકે છે. તાજીમાજી થઇને વિષયોનો ભોગ ઇચ્છયા કરે છે. શરીરના તમામ અંગોને વધતા ઓછા પ્રમાણમાં પોષણ મળ્યા કરતું હોય છે. આખું શરીર ગોળમટોળ બનીને રુષ્ટપુષ્ટ લાગે છે. પણ તે ખાવાનું છોડી દે તો તેનું શરીર સાવ ફીકું પડી જાય છે. એકદમ કૃશ થઇ જાય છે. ઇન્દ્રિયોને પણ પોષણ મળતું બંધ થઇ જાય છે. ઇન્દ્રિયો વિષયોને પણ જાણે કે ભૂલવા માંડે છે. તેથી સાધના કરનાર સાધકે પૂરેપૂરી સમજદારી કેળવીને ઉપવાસનું સાધન પકડવું જોઇએ. ઇન્દ્રિયવિજય પ્રાપ્ત કરવો હોય તો તેણે સૌ પ્રથમ જીભને કાબુમાં લેવી જ પડશે. તે સ્વાદ લે છે તેથી તમામ ઇન્દ્રિયો મસ્તીનો

અનુભવ કરે છે. તે બોલે છે ત્યારે કોઇને આનંદ મળે છે તો કોઇને અપમાન લાગે છે. તે મનને અશાંત પણ બનાવી દે છે. તેથી સુખ અને શાંતિ પ્રાપ્ત કરવા માનવે મનને સ્વસ્થ રાખવું પડશે. સ્વસ્થ મન જ ઉપવાસના સાધનનો સદુપયોગ કરી શકશે. મન સ્વસ્થ બન્યા પછી જ મન દ્વારા ઊભા થયેલા પડદાઓ આપોઆપ હટવા માંડશે. તેથી કબીર સાહેબે શરીરમાં રહેલા સ્વામી પરમાત્માનાં દર્શન માટે સૌ પ્રથમ મનના પડદાઓ હટાવવા કહ્યું છે. આ પડદાઓ હટાવવા માટે સૌ પ્રથમ લૂલીને વશમાં રાખવા પર ભાર મૂક્યો છે :

ઘૂંઘટકે પટ ખોલ,
ઘટ ઘટમેં વહ સાંઇ રમતા, કટુક વચન મત બોલ !

પૂજ્યશ્રીના આવા માર્ગદર્શનને કારણે મને ભર્તુહરીના શ્લોક-નું રહસ્ય સમજવામાં ઘણી મદદ મળેલી. આશા રાખું છું કે તમને પણ ઉપયોગી થશે.

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭
ફોન : ૬૬૮૨૩૧



# સુખ શાંતિના ઉપાય

શંકર મહારાજ

**જિજ્ઞાસુ** : મહારાજ, મનને પ્રશાંત કે નિર્વિચાર કરવાની પ્રક્રિયા કે રીત શી?

**મહારાજ** : 'રીત'નો અર્થ કોઇ મંત્ર તંત્ર, પૂજનવિધિ કે કોઇ તાંત્રિક ક્રિયા એવો કરતા હો તો તો મારે કહેવું પડે કે મેં અત્યાર સુધી કહ્યું છે તે તમે સમજ્યા જ નથી. આવા ક્રિયાકાંડ એ તો એક પ્રકારની, વાસ્તવથી દૂર ભાગવાની પલાયનવૃત્તિ કે બહાનાબાજી છે. ખરેખર કરવાનું છે તે તો કેવળ તમારી પોતાની અંદર જે ચાલી રહ્યું છે તેનું બારીક નિરીક્ષણ કરીને તેનાથી પરિચિત જ થવાનું છે. તદ્દન દેખીતું છે કે શાંતિ અને સંતોષને લગતા તમારા પ્રશ્નો, એ તમારા પોતાના મનની ભૂમિકાને લગતા જ પ્રશ્નો છે. બીજી રીતે કહું તો જે તમારી અંદર છે, બહાર નહીં, તેને લગતા આ પ્રશ્નો છે. એટલે તેનું નિરાકરણ પણ અંદર જ મળશે, બહાર નહિ. માટે જ કહું છું કે તમારી અંદર જે ચાલી રહ્યું છે તેનું કાળજીપૂર્વક બારીકાઇથી નિરીક્ષણ કરો–એટલે કે, મન કઇ રીતે કામ કરે છે, વિચાર કેમ ઉદ્‌ભવે છે, મનમાં કયી પ્રવૃત્તિ ચાલે છે કે જે મહત્ત્વાકાંક્ષા, લોભ વગેરે ભાવો ઉત્પન્ન કરે છે, તે સઘળું જુઓ.

જ્યારે અંદર ચાલતી આ પ્રવૃત્તિથી તમે વાકેફ થઇ જાઓ, અને તટસ્થ બની, તેની સાથે તમારું તાદાત્મ્ય જોડો નહિ, ત્યારે તમારા પ્રશ્નોનું નિરાકરણ આપોઆપ આવી જશે. ટૂંકમાં, શુદ્ધ

મુક્ત વિચાર દ્વારા અને તમારા મનમાં ચાલતી ક્રિયાનું કાળજીભર્યું નિરીક્ષણ કરવાથી તમારા પ્રશ્નોનો ઉકેલ મળી જશે. કોઇ બીજા પાસેથી પ્રક્રિયા શીખવાની વાત, પછી તે ગુરુ હોય કે માર્ગદર્શક; અને કરવાની ક્રિયા ભજન, પૂજન, પ્રાર્થના એ બધાંની પશ્ચાદભૂમિકામાં તો છટકવાની જ વૃત્તિ પડેલી છે.

**જિજ્ઞાસુ :** મહારાજ ક્ષમા કરજો, પણ આપ એમ કહેવા માગો છો કે ગુરુ કે પથદર્શક પોતાની સલાહ કે દોરવણી દ્વારા વ્યક્તિને સાક્ષાત્કાર તરફ દોરી જતા નથી? આપ એમ કહેવા માંગો છો કે એનો કંઇ અર્થ કે ઉપયોગ નથી, અને એ વિશે જે બધું કહેવાય છે તે બધું બુદ્ધિહીનતા છે?

**મહારાજ :** (સ્મિત કરીને) તમે એક પ્રશ્નમાં ઘણા સવાલ કરી નાખ્યા છે. હવે ખૂબ ધ્યાન દઇને મને સાંભળજો. આ જગતમાં મૂલ્યો ઝપાટાબંધ બદલાઇ રહ્યાં છે, અને તેમાં ધરખમ ફેરફારો થયા છે. પ્રાચીનકાળમાં ગુરુશબ્દનું અમુક મૂલ્ય તથા મહત્ત્વ હશે, પણ તે ક્યારનું લુપ્ત થઇ ગયું છે, તેનું અવમૂલ્યન થયું છે. અને હજુ દિન–પ્રતિદિન થઇ રહ્યું છે. ખાસ કરીને તેના નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક પાસાંઓનું. ભૌતિકવાદ, જેની પ્રાચીન સમયમાં કંઇ જ કિંમત કે મહત્ત્વ ન હતાં તે આજે સૌથી વિશેષ મહત્ત્વ ધારણ કરી રહ્યો છે. આજના બધાં મૂલ્યો ભૌતિકતાના આધારે મૂલવાય છે. આજની દુનિયાની મુખ્ય મુશ્કેલી એ છે કે જીવનને શાંત બનાવે તેવાં બધાં કિંમતી મૂલ્યો ને ભોગે, કેવળ ભૌતિકવાદનાં મૂલ્યો તરફ દુનિયા ધસી રહી છે. ભૌતિકવૃત્તિને અનુસરવાથી, તમારું પોતાનું ભલુ કરનારાં તત્ત્વો પ્રત્યે તમારું દુર્લક્ષ્ય થઇ રહ્યું છે. ઉપદેશો, પ્રાર્થનાઓ, શાસ્ત્રો, ધર્મગ્રંથો વગેરેનો જીવનના એ પાસાઓ સાથે ઘનિષ્ઠ સંબંધ હતો



કે જેને આર્થિક મૂલ્યો સાથે ખરેખર કશી જ નિસ્બત નથી. હાલમાં અર્થશાસ્ત્રને એક પ્રકારનો ધર્મ બનાવી દેવાયો છે, અથવા તો એમ કહેવાય કે જીવનની બધી બાબતો કરતાં તેનું મહત્ત્વ વધ્યું છે, જ્યારે સાચું સુખ આપનારી બધી બાબતોનો મર્મ, મૂલ્ય અને અગત્ય તદ્દન ખૂટી ગયાં છે.

સાચા સુખ અંગેનું જે કાંઇ જ્ઞાન આજે પ્રાપ્ત થાય છે તે પણ કટકે કાપલે, અને તેના સત્યસ્વરૂપ સાથે કોઇ સંબંધ સમજ્યા વિના, અને કેવળ શાબ્દિક સીર ઉપર જ. કમનસીબે આજે કોઇ જાણતું નથી કે શ્રદ્ધા શું છે, પ્રેમ શું છે, સત્ય શું છે, નૈતિકતા શું છે અને એ સૌથી વધુ ઈશ્વર શું છે. આ બધા શબ્દો બોલાય છે ખરા; પરંતુ એનો અર્થ જાણ્યા વગર. એટલે ગુરુ એટલે શું અને પ્રક્રિયા એટલે શું એ તમે કેમ સમજી શકો? આજે તો જીવનની વિટંબણાઓ અને ચિંતાઓમાંથી મુક્તિ કે રાહત મેળવવા કાજે જ ગુરુની શોધ ચાલે છે. એટલે કે એક છટકબારી તરીકે ગુરુની શોધ હોય છે. અને ઇચ્છેલી રાહત ન આપી શકે તો એક ગુરુને છોડીને બીજાની શોધ ચાલે છે. આ રીતે ગુરુ એક બજારુ શોધની વસ્તુ બની ગયા છે. આદાનપ્રદાન કે સોદાબાજીની એક બાબત બની ગયા છે. ખબર પડે કે બીજા ગુરુ તમારા ગુરુ કરતાં વિશેષ આર્થિક કે ભૌતિક રાહત આપવા સમર્થ છે, તો તમારું ભવિષ્ય સુધારવા, તેવા બીજા ગુરુ પાસે પહોંચી જાઓ છો. એટલે રાહત મેળવવા એક ગુરુથી બીજા ગુરુ અને બીજાથી ત્રીજા પાસે જવું, એવું ચાલે છે. દેખીતું છે કે ગુરુનો આવો અર્થ હોઇ જ ન શકે.

જે લોકો ગુરુનો આવો અર્થ કરે છે તેમને ગુરુની જરૂર

નથી. એ નક્કી. ગુરુ એ કોઇ છટકબારી નથી કે નથી કોઇ બેન્ક કે એવી કોઇ સત્તા કે જે તમારા આર્થિક અને પાર્થિવ કોયડા ઉકેલ્યા કરે. ગુરુ એ કોઇ ધંધો કે વ્યવસાય નથી. સત્ય, શ્રદ્ધા, પ્રેમ, આનંદ વગેરે શબ્દોનો ખરો અર્થ તમે જાણવા ઇચ્છતા નથી. ગુરુએ કોઇ સંસ્થા કે વાદ કે સંપ્રદાય ન બની શકે. ગુરુ આમાંના એકકે સાથે પોતાની જાતને જોડે, કે આત્મીયતા તેમાં જોડે એટલે સમજવું કે સત્ય શું છે તે તે જાણતા નથી. એક અજ્ઞાની બીજાને જ્ઞાન શી રીતે આપી શકે? હું ઇચ્છું છું કે તમે બારીકાઇથી અવલોકન કરો. તમને ગુરુ શા માટે જોઇએ છે તે શોધી કાઢો. મને ખાતરી છે કે તમને બધાને તમારી પોતાની સમસ્યાઓ શી છે તે જાતે તકલીફ લઇ શોધી કાઢવાને બદલે, બહારથી કોઇ મદદ મળે અને રાહત મળે તે માટે ગુરુનો વિચાર આવે છે. કેવળ 'ગુરુ'શબ્દ પ્રત્યે જ આકર્ષણ હોય તો હકીકતમાં દરેક વ્યક્તિ પોતાની ગુરુ બની શકે છે, અને સત્યને પામી શકે છે. પુસ્તકો તમને કોઇ રીતે સહાયરૂપ નહી બને, સિવાય કે સંદર્ભગ્રંથો તરીકે, અને કોઇપણ ક્રિયાકાંડ એ તમારી પ્રગતિમાં બાધારૂપ નીવડશે. એટલે સ્વયંસ્પષ્ટ છે કે તમારા સુખ અને શાંતિમાં બાધાઓ ઉભી કરવા માટે તમે પોતે જ જવાબદાર છો, અને એટલે જ તે દૂર કરવાની ક્ષમતા પણ તમારા પોતાના હાથમાં જ છે. માટે મહેરબાની કરીને ગુરુ અંગે માથાફોડ કરો નહી, અને બીજાને અનુસરવાનું છોડો.

**જિજ્ઞાસુ** : ક્ષમા કરજો મહારાજ! પણ પુસ્તકો કાંઇ માર્ગદર્શન આપવા અસમર્થ હોય તો તે લખાયાં છે શા માટે? દરેક ઉપદેશક અને મહાન પુરુષ તેનો અભ્યાસ કરવાનું અમને કયા હેતુસર સૂચવે છે?



**મહારાજ** : હું અહીં કોઇ પણ ઉપદેશક અગર જેને તમે મહાન પુરુષો કહો છો કે જેમણે પુસ્તકો લખ્યાં છે તેમને વખાણવા કે વખોડવા બેઠો નથી. પણ મારે ફરી વાર કહેવું રહ્યું કે પુસ્તકોમાં કોઇને દોરવણી આપવાની શક્તિ નથી. તેઓ કેવળ સંદર્ભ તરીકે જ ઉપયોગી બની શકે. દરેક સંત અગર ફિલસૂફ પોતાના અંગત અનુભવો અને સંશોધનો પોતાના શબ્દોમાં રજૂ કરવા પ્રયાસ કરે છે, પણ તે લખાણ એવી વ્યક્તિઓને જ ઉપયોગી થાય કે જે પોતે તે માર્ગ દ્વારા પોતાનો રસ્તો શોધવા પ્રયત્ન કરે છે. શાંતિ અને સુખ તો દરેક વ્યક્તિના પોતાના જાત અનુભવની એક અવસ્થા છે. એટલે કેવળ પુસ્તકોના વાંચનથી કે ઉપદેશોના શ્રવણથી એ અવસ્થા પ્રાપ્ત ન થઇ શકે, કારણ કે એ તો અંદરની સ્થિતિ છે, તે બહાર શોધવાના પ્રયાસથી ન મળે. કોઇ વ્યક્તિ પોતે એ અવસ્થા અનુભવે ત્યારે તેનું યથાર્થ વર્ણન કરવા માટે શબ્દો અપૂરતા જ છે. એટલે કે એ અનુભવ અવર્ણનીય છે, એ અનુભવવાની જ વસ્તુ છે. એવા અનુભવો વર્ણવવાના ઘણા પ્રયાસો થયા છે. પણ તેથી એ અનુભવદશા પ્રાપ્ત થઇ શકતી નથી. કારણ કે અનુભવ એ અનુભવ છે, શાબ્દિક બાબત નથી. એટલે સુખ અને શાંતિની દશા પ્રાપ્ત કરવામાં શબ્દો જરાય મદદ કરી શકે નહિ. માહિતી, હકીકતનું જ્ઞાન અને વિદ્વતા પ્રાપ્ત કરવામાં પુસ્તકો મદદ કરે, જીવનમાં કે સમાજમાં અમુક માનપાનનું સ્થાન પ્રાપ્ત કરવામાં મદદ કરે, વિજ્ઞાન અથવા ઇતર વિષયોના વ્યવસાય માટેના વ્યાવસાયીક જ્ઞાનની પ્રાપ્તિમાં મદદ કરે.

# મુક્તિ માટેની ભક્તિ કેવી હોય?

વિનયભાઇ એસ. શેઠ

મથુરા નગરીમાં એક ચોબાજી રહેતા હતા. શરીરે તેઓ હૃષ્ટપુષ્ટ પણ બુદ્ધિથી ખાલી ખમ. ખાઈપીને શરીરને અલમસ્ત બનાવવું એ જ તેમના જીવનનું એકમાત્ર ધ્યેય હતું. તેઓ ભાંગના જબરા શોખીન હતા. ભાંગ પી તેઓ નશામાં મસ્ત થઇ પડયા રહેતા.

એક વખત અગત્યના કામસર ગોકુલ જવાનું થયું. મથુરાથી ગોકુલ જવા માટે યમુના–માર્ગે જવાનું વધુ સગવડતા ભર્યું બની રહે. વિશ્રામઘાટથી નાવમાં બેસો અને ગોવિંદઘાટ પર નાવમાંથી ઉતરી જાઓ એ છે સીધો અને સાદો રસ્તો. વળી, તેમના પાસે નાવ પણ હતી. તેઓ તે નાવને મથુરાના અસકુંડા ઘાટ પર હંમેશા દોરડાથી બાંધી રાખતા અને જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરતા.

તેમણે નાવ દ્વારા ગોકુલ જવાનું નક્કી કર્યું, જતાં પહેલાં પોતાની પ્રિય ભાંગ ભરપૂર માત્રામાં પીધી. નાવ ઘાટ પર દોરડાથી બાંધેલી. ચોબાજીએ દોરડાની ગાંઠ ન છોડી. નાવમાં બેસી તેમણે હલેસાં મારવા માંડયાં. તેઓ હલેસાં મારતા જાય ને બોલતા જાય "અભી ગોકુલ આ જાયેગા." સવાર પડી ને ભાંગનો નશો ઉતર્યો. જોયું તો પોતે અસકુંડા ઘાટ પર જ હતા. હલેસાં ઘણાં માર્યા પણ દોરડાની ગાંઠ ન છોડી એટલે ત્યાંના ત્યાં જ રહ્યા.



જીવ ભગવાનનું ઘણું નામ લે છે. ભક્તિ કરવાનો ડોળ ઘણો કરે છે. ધનસંપત્તિ કે લૌકિકસુખના નશામાં પડી તે પ્રભુનામ લીધા કરે છે. પરંતુ તે વાસનાની ગાંઠ છોડતો નથી. તેથી ઘણું બધું હરિનામ લેવા છતાં તે ત્યાંનો ત્યાં જ રહે છે. મુક્તિના પથ પર એક ડગલું પણ આગળ વધી શકતો નથી.

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૩૫૯૮
૩૪૦૧૬
ફે. : ૮૨૪૩૭
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

સાક્ષાત્કારી સંત મહાત્મા યોગેશ્વરજીની

# પત્રસાધના

ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

## પત્રસામગ્રી

ગુજરાતી સાહિત્યમાં જે થોડુંઘણું પત્રસાહિત્યનું ખેડાણ આપણે ત્યાં અર્વાચીન યુગમાં થવા પામ્યું છે, તેમાં મહદંશે તો સાહિત્યકારોના જ પત્રો ધ્યાનપાત્ર બને છે અને ધર્મ–અધ્યાત્મ-ક્ષેત્રની સંત વિભૂતિઓ તરફથી પત્રો બહુ મળતા નથી. એવા જૂજ ખેડાયેલા પત્રસાહિત્યમાં નર્મદયુગમાં શ્રીમન્નૃસિંહાચાર્યજીને પંડિતયુગમાં "સાગર", તો ગાંધીયુગમાં કેદારનાથજી અને ભિક્ષુ અખંડાનંદજીના પત્રો આપણને મળી આવે છે. એ આધ્યાત્મિક ચિંતનધારામાં સાક્ષાત્કારી સંત ને ચિંતક મહાત્મા યોગેશ્વરજીના પત્રોનું સ્થાન મોખરાનું ગણી શકાય.

મહાત્મા યોગેશ્વરજીએ અનેક જિજ્ઞાસુ સાધકોને આધ્યાત્મિક ક્ષેત્રે પ્રેરણા ને માર્ગદર્શન આપવા નાના–મોટા અસંખ્ય પત્રો લખ્યા છે, એ પૈકી ૧૬૦ જેટલા પત્રો જે એમણે એમના સહાધ્યાયી, સાધક ને 'અધ્યાત્મ'ના તંત્રી શ્રી નારાયણભાઇ જાનીને તથા એવા જ બાળપણના મિત્ર સાહિત્યકાર શ્રી વિઠ્ઠલભાઇ પંડ્યાને તેમ જ જ્યોતિર્મયી માતુશ્રીને લખ્યા છે તે 'હિમાલયના પત્રો' નામક પુસ્તકમાં ઈ. સ. ૧૯૭૯ ના અરસામાં પ્રકાશિત થયેલ છે. એમાં હિમાલયના ઘોર જંગલમાં વર્ષોસુધી કઠિન ને કઠોર સાધના કરી સાક્ષાત્કાર પામનાર એ મહાન સંતે જીવનનું વિવિધરૂપે દર્શન કરી જીવનનાં અદ્‌ભુત રહસ્યો સાદી, સરળ પણ સચોટ ભાષામાં લખાયેલ પત્રોદ્વારા પ્રગટ કર્યાં છે. આવા પત્રો આપણે ત્યાં અનન્ય છે.



પ્રસ્તુત પુસ્તકમાં પ્રગટ થયેલ પત્રો ઉપરાંત પણ એ સિદ્ધ સાક્ષાત્કારી મહાત્માએ એ સિવાયની અસંખ્ય વ્યક્તિઓને પત્રો લખી અનુપમ દોરવણી આધ્યાત્મિક ક્ષેત્રે આપી છે–જેનો પુસ્તકરૂપે સંગ્રહ કરવામાં આવે તો આપણા સાહિત્યમાં નવી જ ભાત પડે ને સમાજમાં રહેલા અનેક નામી–અનામી મુમુક્ષુઓને પ્રેરણાનું સરસ ભાથું પ્રાપ્ત થાય, એમાં કોઇ શંકા નથી.

અહીં તો મને ઉપલબ્ધ થયેલ મહાત્માજીના ઈ. સ. ૧૯૭૧ થી ઈ. સ. ૧૯૮૨ ની સમયાવધિમાં વ્યાપેલા ૫૦ જેટલા પત્રો વિશે લખવાનો ઉપક્રમ છે. એ પૈકી મોરબીના શ્રી હરિભાઇ ભોજાણી પરના ઈ. સ. ૧૯૭૬ થી ઈ. સ. ૧૯૭૯ દરમ્યાનના ૩૩ પત્રો, અમદાવાદના શ્રી છેલભાઇ રાવળ પરના ઈ. સ. ૧૯૭૧ થી ઈ. સ. ૧૯૭૫ ના અરસાના ૬ પત્રો, પાલનપુરના શ્રી વિજયભાઇ પુરોહિત (બાપજી) પરના ઈ. સ. ૧૯૭૫ થી ઈ. સ. ૧૯૮૨ પર્યંતના ૧૦ પત્રો તથા ઓન્ટારિયો (કેનેડા) ખાતેના શ્રી દશરથભાઇ એચ. શાહ પરનો ઈ. સ. ૧૯૭૫ નો એક દિવાળી સંદેશ–પત્રનો સમાવેશ થાય છે. આમાં બે પત્રો હિંદીભાષામાં એક અંગ્રેજી ભાષામાં તથા બાકીના ૪૭ ગુજરાતી ભાષામાં લખાયેલ છે.

## વિશિષ્ટ લક્ષણો

મહાત્માજીના પત્રોનું ઊડીને આંખે વળગે એવું પહેલું લક્ષણ તો છે વિષયનો સીધો ઉપાડ. વિષયાંતર કર્યા વિના એ સાધકની જિજ્ઞાસાનું સત્વરે સમાધાન કરવા તત્પર બની જાય છે ને પ્રેરણાપીયૂષ પાય છે. એમાં વેધકતા આણવા આત્મલક્ષીતા આવે

છે, પણ એમાં આત્મપ્રશંસાનો દોષ જરાય આવતો નથી. આવા વિષયમાં સ્વાનુભવ કથનથી જ સચોટતા ને પ્રતીતિ કરતા આવી શકે એ દૃષ્ટિએ જ એમણે એનો વિનિયોગ કર્યો છે, એ સ્પષ્ટ વરતાય છે. પ્રેરક–પ્રોત્સાહક ચિંતન એ એમના પત્રોની વ્યાવર્તક વિશિષ્ટતા છે. એમનું આ ચિંતન શુષ્ક કે નિષ્ક્રિય બનાવે તેવું નથી, પણ સદ્કાર્ય કરવા તત્પર કરે એવું છે–જાણે કહેતું ન હોય उत्तिष्ठ, जाग्रत થા ને ध्येय પ્રાપ્ત કર, કેમકે જીવન ઝડપી ને ક્ષણભંગુર અને તેથી જ બહુમૂલ્ય છે, જેથી ફોગટ ને નિરર્થક તેને વેડફી ન દેવાય. 'હિમાલયના પત્રો'માં હિમાલય સમી ઉચ્ચતા પ્રાપ્ત કરતું તેમનું ચિંતન અહીં ઉપલબ્ધ પત્રોમાં ય અત્યંત ધ્યાનપાત્ર ને અમૂલ્ય સ્થાને છે, વિદ્યુત્ ચમકાર જેવું તેજસ્વી ને ઉદ્બોધક છે તેમનું બુનિયાદી ને ઉદ્દાત્ત ચિંતન.

### મોરબીના સાધક શ્રી હરિભાઈ ભોજાણી પરના પત્રો

### (૧) જીવન ને આધ્યાત્મિક વિકાસ

મોરબીના શ્રી હરિભાઈ ભોજાણીને મસૂરીથી તા. ૨૮–૬–૧૯૭૬ ના પત્રમાં તેમણે લખ્યું છે. "જીવન આખું એક સાધનાશિબિર જ છે. તેમાં ડગલે ને પગલે વિકાસ કરવાનો છે ને છેવટે પરમાત્માનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ થવાનું છે." ત્યાંથી જ તા. ૧૦–૭–૧૯૭૮ ના પત્રમાં તેમણે ધ્યાનનો મહિમા સમજાવતાં વળી તેમને લખ્યું છે–"આત્મશાંતિ અને ઈશ્વરકૃપા માટે નિયમિત ધ્યાન કરવાની આવશ્યકતા છે, આધ્યાત્મિક વિકાસ કેવળ વાતો ને વાચનથી થતો નથી. ચિંતન–મનનથી પણ સધાતો નથી, પરંતુ ધ્યાન જેવી અંતરંગ સાધનાથી જ સિદ્ધ થાય છે. તેની સાથે જીવનની વિશુદ્ધિનું પીઠબળ હોવું જોઈએ. ઈશ્વર-ની કૃપાથી તમે સૌ આગળ વધશો ને શાંતિ મળશે." તા.



૨૭–૮–૧૯૭૬ ના મસૂરીથી લખાયેલ બીજા પત્રમાં મોંઘા માનવજીવનનું મહત્ત્વ સમજાવતાં તેમણે લખ્યું છે–"માનવ તરીકેનો જન્મ એ વિશ્વની મોટામાં મોટી મૂલ્યવાન ઘટના છે. એ જન્મનો સદુપયોગ કરીને માનવ પોતાના ને બીજાના બંધનોને તોડી શકે છે. ને જીવનને કૃતાર્થ કરી શકે છે, માનવજીવનમાં એવી શકવર્તી શક્યતા હોવાથી જ એને સંસારમાં સર્વશ્રેષ્ઠ કહેવામાં આવે છે ને એનો જન્મોત્સવ થાય છે. માનવ માનવ મટીને પશુથી ય બદતર બની શકે છે ને ઉત્ક્રાંતિ કરીને દેવ તથા પુરુષોત્તમપદે પણ પહોંચી શકે છે–કેવા બનવું તે માનવના હાથની વાત છે. નિયમિત રીતે ધ્યાનાદિ કરવાથી ને સદ્‌ગુણોનો સંચય કરવાથી ઉત્ક્રાંતિ સધાય છે, ને જીવન અનાસક્ત તથા શાંતિમય બને છે."

### અમદાવાદના સાધક શ્રી છેલભાઈ રાવળ પરના પત્રો

### (૨) જપધ્યાનનો મહિમા

અમદાવાદના સાધક શ્રી છેલભાઈ રાવળને તા. ૨૧–૪–૧૯૭૧ ના પત્રમાં ભાવનગરથી તેમણે લખ્યું છે–'સતત શ્રદ્ધા-ભક્તિસહિતનું સાધન સિદ્ધિ કે શાંતિ આપે છે.' તા. ૪–૮–૧૯૭૨ ના મસૂરીથી લખાયેલ પત્રમાં પ્રભુસ્મરણની આવશ્યકતા વિશે એમણે જણાવ્યું છે–"જીવન અવિદ્યારૂપી અંધકારમાંથી મુક્તિ મેળવીને પ્રકાશ પામવા માટે છે, ઈશ્વરસ્મરણ કરવાથી, ઈશ્વરની કૃપાથી એ હેતુ સિદ્ધ થાય છે. માટે ખૂબ જ પ્રેમ અને ઉત્સાહ તથા શ્રદ્ધાથી નિયમિત રીતે જપ, ધ્યાન, પ્રાર્થના કરતા રહેજો. તેથી લાભ થશે. ઈશ્વરની કૃપા જરૂર થશે." મસૂરીથી તા. ૨૭–૭–૧૯૭૩ ના પત્રમાં તેમણે જપનો મહિમા ટૂંકમાં સમજાવ્યો છે–"તમારા સંસ્કારો ઘણા સારા છે. તેમને

વિકસાવજો. રોજ નિયમિત રીતે નામજપ બને તેટલા વધારે પ્રેમપૂર્વક અને પ્રાર્થના તથા ધ્યાન કરતા રહેજો. જપ જેવું બીજું અમોઘ અક્સીર સાધન કોઈ જ નથી. તેથી સત્વર શાંતિ મળે છે ને ઈશ્વરકૃપા થાય છે." દિલ્હીથી તા. ૫–૧૧–૧૯૭૩ ના નૂતનવર્ષ અંગેના પત્રમાં શુભેચ્છા પાઠવતાં તેમણે લખ્યું છે–"નૂતનવર્ષે વધારે ને વધારે ઈશ્વરસ્મરણ તથા સત્સંગ કરો ને જીવનને સુખશાંતિથી સંપન્ન તથા ધન્ય બનાવો એવું ઈચ્છું છું." મસૂરીથી તા. ૧૬–૭–૧૯૭૪ ના પત્રમાં શ્રદ્ધાભક્તિ રાખવાનું જણાવતા તેમણે લખ્યું છે–"તમારા સંસ્કારો ઘણા સારા છે. તેમને પોષતા ને વધારતા રહેજો. નિયમિત નામજપ, ધ્યાન, પ્રાર્થના કરજો, તેથી આત્મોન્નતિ સધાશે ને શાંતિ મળશે. પરમાત્મામાં શ્રદ્ધાભક્તિ રાખીને આગળ વધજો. ગુરુપૂર્ણિમા અવિદ્યારૂપી અંધકારમાંથી પરમ પ્રકાશમાં પહોંચવાનો પરમ પવિત્ર સંદેશ આપે છે. માનવજીવન એ સંદેશને સાર્થક કરવા માટે જ છે. પ્રેમપૂર્વક સાધના કરવાથી પરમપદની પ્રાપ્તિ થઈ જશે."

### (૩) ગુરુપૂર્ણિમાનું મહત્ત્વ

તા. ૨૬–૭–૧૯૭૫ ના મસૂરીથી લખાયેલ પત્રમાં ગુરુ-પૂર્ણિમાનું મહત્ત્વ સમજાવતાં તેમણે લખ્યું છે–"ગુરુપૂર્ણિમા પ્રકાશનું પર્વ છે, એ દિવસે અવિદ્યારૂપી અંધકારમાંથી જ્ઞાનના પવિત્ર પ્રકાશમાં પહોંચવાનો સંકલ્પ કરવાનો હોય છે. બાકીના દિવસોમાં તે સંકલ્પની પૂર્તિ માટે પ્રામાણિકપણે પ્રયત્ન કરવાનો હોય છે. એવા પ્રયત્નથી જ જીવન સફળ, સાર્થક ને ધન્ય બને છે...તમારા સંસ્કારો ઘણા જ સારા છે. એમને નિયમિત રીતે નામજપ, ધ્યાન, સ્વાધ્યાય કરીને વધારજો. જીવન સુખી ને શાંત તો જ બનશે. ઈશ્વરની કૃપા થશે."



## પાલનપુરના સાધક શ્રી વિજયભાઈ પુરોહિત પરના પત્રો

### (૪) માનવજીવનની દુર્લભતા

પાલનપુરના શ્રી વિજયભાઈ પુરોહિત(બાપજી)ને સૂરતથી તા. ૩–૧૨–૧૯૭૫ ના હિંદીભાષામાં પત્ર લખતા તેમણે લખ્યું છે–"आप के संस्कार बहुत अच्छे हैं। उन्हें नियमित स्वाध्याय और साधनासे बढाते जाना। ईश्वर कृपा करेंगे। सभी प्रकारके प्रलोभनोंसे और कुसंग से बचना। मानवजीवन बडा मूल्यवान है। देवों को भी दुर्लभ है। प्रमाद नहीं करना। प्रमाद दूसरा मरण है। प्रमाद को छोडकर खूब प्रेम से नियमितरूपसे भजन करना। भजन से ही शांति और सिद्धि मिलेगी। मेरा आशावार्द तो है ही।" મસૂરીથી તા. ૫–૭–૧૯૭૫ ના એવા જ હિંદીપત્રમાં એમણે લખ્યું છે–"आपके संस्कार बडे ही अच्छे है। तभी आपको आध्यात्मिक मार्गमें इतना आगे बढने की लगन है। नियमितरूपसे उत्साहपूर्वक साधन करते रहिये। ईश्वर आपका कल्याण करेंगे।

कलिकालमें नामजपका साधन श्रेष्ठ है। उसीसे शांति मिलती है, विघ्न टलते है और सभी प्रकार लाभ होता है। नाम-जप अधिकसे अधिक करते रहिये। परमकृपालु परमात्मा आपका पथप्रदर्शन करेंगे और आगे बढायेंगे। वह बडे दयालु है।

आप जो साधनभजन करते है सो बराबर है। उसे करते रहिये। लाभ होका। संसार के लोग ईश्वरमें, धर्ममें, साधनमें विश्वास और प्रेम नहीं रखते। धन और विलासमें ही प्रेम रखते है। लेकिन जीवन का कल्याण ईश्वरभजनमें और ईश्वरकी प्राप्तिमें ही है। वहां रहकर साधना करते रहिये। ईश्वर आपको सहायता करेंगे।"

## (૫) ધ્યાન–સગુણ અને નિર્ગુણ

મસૂરીથી તા. ૧૫–૬–૧૯૭૭ ના પત્રમાં તેમણે લખ્યું છે, "તમારા સંસ્કારો સારાં છે. ઉત્સાહપૂર્વક નિયમિત રીતે સાધના કરતા રહો, ઈશ્વરની કૃપાથી શાંતિ મળશે ને વિકાસ સધાશે. સગુણ ધ્યાન કરતાં નિર્ગુણમાં જવાનું હોય તો તેની ચિંતા નથી કરવાની. ભલે જવાય. જે સાધના સહજ રીતે થાય તે જ કરવી. લગ્ન હવે થયું જ છે તો તેમાંથી રસ્તો કાઢવો ને આગળ વધવું, ખોટી ચિંતા ના કરવી. ઈશ્વર બધું સારું જ કરશે. ખૂબ શાંતિથી સાધના કરતા રહો."

ભાવનગરથી તા. ૧૦–૪–૧૯૭૮ ના પત્રમાં દોરવણી આપતાં તેઓ લખે છે–"રોજ નિયમિત રીતે જપ, પ્રાર્થના, સંકીર્તન, ધ્યાનાદિ કરજો. તેથી સર્વ પ્રકારે શાંતિ થશે અને પરમાત્માનો દૈવી અનુભવ મળશે. સંસારના વિષયો અસાર છે. સાચું સુખ, સાચી શાંતિ આત્મામાં જ છે, તેને મેળવવા મહેનત કરવી જોઈએ. તમે ઉપવાસ કર્યા ને જે અનુભવ થયો તે જાણ્યો. કાળી આકૃતિ પ્રારબ્ધ સૂચવે છે. જે પ્રારબ્ધ બાકી છે તે ભોગવવાનું છે. તેને ભોગવતાં ભોગવતાં પરમાત્માની પરમકૃપાને પામવાને પ્રયત્ન કરી છૂટવો જોઈએ."

સૂરતથી તા. ૨૫–૧૦–૧૯૭૯ ના પત્રમાં લખ્યું છે–"નવા વરસે ખૂબ જ પ્રેમથી સાધના કરો ને શાંતિ મેળવો. પ્રગતિ કરો."

અમદાવાદથી તા. ૩૦–૫–૧૯૭૯ ના પત્રમાં લખ્યું છે–"તમે ખૂબ પ્રેમપૂર્વક નિયમિત રીતે ધ્યાન કરતા રહેજો, ઉપવાસ કરવાની તમારે આવશ્યકતા નથી, નિયમિત રીતે ભોજન કરવું. ઈશ્વરની કૃપાથી સઘળું સારું થશે."



## પ્રભુમાં વિશ્વાસ રાખો

અમદાવાદથી તા. ૭–૧–૧૯૮૦ ના પત્રમાં તેમણે પ. પૂ. સર્વેશ્વરીમા દ્વારા લખાવ્યું–"તમારી શ્રદ્ધાભક્તિ સાચે જ હજારોને પ્રેરણા આપે એવી છે. તમારા પૂ. પિતાજીની તન, મન, ધનથી ખૂબ સારી રીતે સેવા કરજો, તમારા સંસ્કારો ઘણા સારા છે. નિયમિત જપ, પ્રાર્થના કરતા રહેજો, જેથી શાંતિ મળશે. જ્યાં છો ત્યાં રહીને તમે સાધના કરતા રહેજો. પ્રભુ જે કરે છે ને કરશે તે સારા માટે જ છે એવો વિશ્વાસ રાખીને આગળ વધજો. સદ્‌ગુરુની મદદ હમેશાં મળતી જ રહે છે અને મળતી રહેશે." તે જ રીતે વડોદરાથી તા. ૫–૧૧–૧૯૮૨ ના પત્રમાં તેમણે પ. પૂ. સર્વેશ્વરીમા પાસે લખાવ્યું છેઃ–"તમારી પ્રભુના પંથે આગળ વધવાની ઇચ્છા છે, જેમાં ભક્તિ ને શક્તિનો સમન્વય હોય એ સારી વાત છે."

મસૂરીથી તા. ૧૦–૬–૧૯૮૩ ના રોજ તેમણે શ્રી કલ્યાણ પાસે પત્રમાં લખાવ્યું છે–"હઠયોગમાં પડવાની જરૂર નથી, આપણા માટે પ્રેમયોગ–ભક્તિયોગ જ ઉત્તમ છે."

## જુગાર–બૂરી ટેવ

મોરબીથી તા. ૯–૩–૧૯૮૧ ના પત્રમાં મહાત્માજીએ જુગારની બૂરી લત વિશે લખતાં જણાવ્યું છે–"જુગાર રમવાની ટેવ ઘણી ખરાબ છે. તે માણસને પોતાને તથા તેના કુટુંબને બરબાદ કરે છે. તન, મન તથા ધનથી બેહાલ બનાવે છે, તેમાં યે વળી કલબમાં જવાની વાત તો જરા પણ સારી ન કહેવાય, 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ જેવી વાત છે. સમયસર નહિ ચેતે તો વધારે નુકસાન નોંતરશે. આ વાત સમજાવજો. જપ તથા ધ્યાન યોગ્ય રીતે કરશો, મનમાંથી વિકારોને દૂર કરવામાટે સંગની

lives in a new way with novel dimensions for wiping out the age-old fillthiness of our hearts and for making our personalities living on earth more meaningful. Then only the occassion and its celebration would be eventful.

Diwali teaches us that nothing on this earth is everlasting, everything is transitory, we should not forget its Momentariness, get detached from the objects and surroundings of the world around us and stick to our objectives more firmly in order to fulfill them without delay at our earliest convenience.

I wholeheartedly convey to one and all, my sublime good wishes for the auspicious Diwali festival and pray for the happy, prosperous, peaceful. sucessful new year commeneing from to-morrow.

ભાવાર્થ એ કે–દિવાળી એ રોશની ને આનંદ કરવાનું પર્વ છે. એમ કહેવાય છે કે ભગવાન રામચંદ્ર રાવણને જીતીને જ્યારે અયોધ્યા પાછા ફર્યા હતા ત્યારે આ દિવસ હતો ને અયોધ્યાવાસીઓએ એને દિવાળીરૂપે ઉજવ્યો હતો. આ પરંપરાગત અનેરા સ્વર્ગીય પર્વના દિવસની ઉજવણીમાં લોકો સર્વત્ર આનંદ કરે છે, હર્ષોલ્લાસથી ફરે છે, સારાં શોભીતાં વસ્ત્રો પહેરે છે, મીઠાઇ આરોગે છે ને પોતાના રહેઠાણને દીપ, રોશની ને ફૂલ વગેરેથી શણગારે



છે. દિવાળી એ વર્ષનો છેલ્લો દિવસ છે. સમય વિદ્યુતવેગે જલદી ને ત્વરાથી પસાર થાય છે. એક વધુ વર્ષ આજે વિલીન થઇ ગયું. સમય–કાળ કોઇનીય રાહ જોતો નથી.

દિવાળી પર્વની આનંદની ઉજવણી કરવાનો આપણને અધિકાર છે, પણ તેની સાથે સાથે આપણે વીતેલા વર્ષની નોંધપાત્ર આગવી ઘટનાઓને ધ્યાનમાં લેવી જોઇએ. ને તેના પર વિચાર કરવો જોઇએ. આપણી ક્ષતિઓ ને ઊણપો શોધી કાઢવી જોઇએ અને થયેલા વિકાસ પર દૃષ્ટિપાત કરી ભાવિ શાંતિ, આનંદ પ્રગતિ ને ત્વરિત વિકાસ માટે સંકલ્પ કરવો જોઇએ. ભવિષ્યની બહેતર પ્રગતિ, શાંતિ, આનંદ, સ્થિરતા ને ગૌરવ માટેની યોજનાઓ ઘડી કાઢવી જોઇએ.

આપણે બાહ્ય રોશની, દીપ, મીઠાઇ અને પ્રકાશથી સંતોષ ન પામવો જોઇએ, પણ સર્વાંગી અજ્ઞાન, અહં, મોહ, સ્વાર્થ, આસક્તિ આદિ આપણા ભીતરી અનિષ્ટોને નિર્મૂળ કરવા માટે નિશ્ચય કરી તે માટે મંડી પડવું જોઇએ અને એમ કરી આત્માને આંતરિક પ્રકાશથી શોભાયમાન કરવો જોઇએ. પ્રેમનો પવિત્ર દૈવી પ્રકાશ આપણા વ્યક્તિત્વને ઓપાવો. આપણાં હૃદય દયા, અનુકંપા, ભલમનસાઇ અને ત્યાગની ભાવનાથી મધુરાં બનો, માનવતાનાં સુગંધી ફૂલોથી આપણાં જીવન ખીલીને પાંગરવા માંડો.

આવતીકાલથી હિંદી પરંપરાગત પચાંગ મુજબ આપણા શુકનવંતા નવા વર્ષે, ચાલો, આપણે આપણા જીવનને દૃઢ નિશ્ચય ને ઉલ્લાસથી નવી ક્ષિતિજો આંબવા જરીપુરાણી હૃદયની મલિનતા નિવારવા ને પૃથ્વીપર આપણા જીવન–વ્યક્તિત્વને વધુ સાર્થક કરવા માટે નવો આકાર આપવા મથીએ. ને એમ કરી આ પર્વની ઉજવણીને સફળ કરીએ.

દિવાળી આપણને સમજાવે છે કે આ પૃથ્વી પર કશું જ અમર નથી, દરેક ચીજ નાશવંત ને ક્ષણજીવી છે, એની ક્ષણભંગુરતા વિસરવી ન ઘટે અને દુન્યવી વાતાવરણ ને પદાર્થોથી અનાસક્તિ કેળવીને આપણા ધ્યેયને વધુ દૃઢતાથી વળગી રહી વિનાવિલંબે બનતી વહેલીતકે તે પાર પાડવા મંડવું જોઇએ.

દરેકને હું અંતઃકરણપૂર્વક પુનીત દિવાળી પર્વના પ્રસંગે મારી ઉદ્દાત્ત શુભેચ્છાઓ પાઠવું છું અને તેમને સુખ, શાંતિ, સમૃદ્ધિ ને સફળતા આવતીકાલથી શરૂ થતા નવા વર્ષમાં સાંપડે એ માટે પરમાત્માને પ્રાર્થું છું.

### સમાપન

મહાત્મા યોગેશ્વરજીના મોતીના દાણા જેવા સુંદર અક્ષરોમાં લખાયેલા આ થોડાઘણા પ્રાપ્ત પત્રોમાં અંતરને અજવાળે ને ઊર્ધ્વ કરે તેવું ઉદ્દાત્ત આધ્યાત્મિક ચિંતન ચમકી રહે છે. કેવું ચિરંજીવ ને મિતાક્ષરી છે એ કલ્યાણકારક ઉચ્ચ ચિંતન! આ દૃષ્ટિએ એ સાક્ષાત્કારી સંતના પત્રો આપણા ગુજરાતી સાહિત્યમાં સાવ આગવા ને ઉચ્ચ સ્થાનના અધિકારી બને છે. એમના આવા જિજ્ઞાસુ સાધકો પર લખાયેલ સર્વે પત્રોનો સંચય થાય તો આપણા સાહિત્યમાં નવી જ ભાત પડે ને હિમાલય શી ઉચ્ચતા આધ્યાત્મિક ચિંતનના ક્ષેત્રે એ સર કરે તથા અસંખ્ય મુમુક્ષુઓ ને સાધકોની પિપાસા સંતોષી દીવાદાંડીની જેમ માર્ગદર્શક થઇ પડે, એમાં કોઇ શંકા નથી, એમના જીવનની જેમ જ એમના આ પત્રો સાદી સરળતા ને આડંબરરહિતતાથી શોભી રહી 'શીલ તેવી શૈલી' તેમ જ 'સાદું જીવન ને ઉચ્ચ વિચાર' સૂત્રના ઉમદા ઉદાહરણરૂપ સોહે છે. (સંપૂર્ણ)



# નામસ્મરણ

યોગેશ્વર

કલિયુગ કૂડો અને રંગે રૂડો છે. એમાં દોષો, દૂષણો, આકર્ષણો, પ્રલોભનો, પીડાઓ, પરિતાપો, ભયસ્થાનોનો પાર નથી.

એમાં જીવન અલ્પ, અતિશય અલ્પ, અને એ પણ વાયુવેગે વહી જનારું છે. પાણીના પ્રમત્ત પ્રવાહની પેઠે પ્રબળવેગે પ્રવાહિત થનારું.

એનો અધિકાંશ શૈશવાવસ્થાની ક્રીડામાં, યુવાવસ્થાના મોહમાં, વૃદ્ધાવસ્થાની દીનહીન અસહાય અવસ્થામાં, વિપત્તિ–વ્યાધિ–વેદનામાં વીતી જાય છે.

એટલે જેને જીવન, જાગૃતિપૂર્વકનું સમજ સાથેનું જીવન કહીએ એવું જીવન અતિશય અલ્પ–સ્વલ્પ છે.

એવા જીવનમાં આત્મકલ્યાણનું કયું સાધન કરી શકાય? ભગવાનના નામસ્મરણનું. નામસ્મરણનું સાધન સરળ, સીધું, સારવાહી, અત્યંત અસરકારક, આશીર્વાદરૂપ અને અમોઘ છે. સર્વે સાધનોના સારરૂપ છે. શાસ્ત્રો જણાવે છે કે સત્યયુગમાં ધ્યાનથી, ત્રેતાયુગમાં યજ્ઞયાગથી, દ્વાપરમાં સેવા અને આરાધનાથી ઈશ્વરપ્રાપ્તિ થઇ શકતી અને જીવનનું પરમ સાર્થક્ય સધાતું, પરંતુ કલિયુગમાં તો ભગવાનના નામસ્મરણ કે નામસંકીર્તનથી એ હેતુની સિદ્ધિ થાય છે. કલિયુગમાં કેવળ નામનો જ આધાર છે. બીજી કોઇ જ ગતિ નથી. શક્તિ કે સાધનાસામગ્રી નથી. કલિયુગ જેવો સ્વલ્પ સાધને મહાન ફળ આપનારો, ઓછી મૂડીએ મોટો નફો

કરાવનારો બીજો કલ્યાણકારક યુગ નથી. એ દરમિયાન ભગવાનના નામનો ગુણાનુવાદ કરવાથી સંસારને અનાયાસે પાર કરી શકાય છે.

નામના સ્મરણની સાથે ઈશ્વરના શરણની સદ્ભાવના સંકળાયેલી છે. એમાં પરમેશ્વરની પતિતપાવની પ્રીતિનો પારાવાર પ્રેમ પડેલો છે. શ્રદ્ધાભક્તિની સુંદર શાંતિમયી સુધાપ્રદાયિની સરવાણી સમાયેલી છે. સ્મરણની સાથે એકાગ્રતા આવે છે, આનંદ અનુભવાય છે, પરમાત્માની પરાત્પર ચેતના સાથે સંબંધ બંધાય છે, અનુસંધાન સધાય છે.

નામસ્મરણ એકાગ્રતાસહિત કરાય કે એકાગ્રતા સિવાય કરવામાં આવે, સમજીને થાય કે સમજ્યા વિના થાય, રસપૂર્વક કરવામાં આવે કે રસવિના, ભાવે કે કભાવે કરાય તો પણ નિરર્થક નથી થતું, નિષ્ફળ નથી જતું, શ્રેયસ્કર ઠરે છે. સ્મરણ કરતાં કરતાં કાળાંતરે રસ જાગે છે, જ્ઞાન પ્રકટે છે, ભાવ જન્મે છે, એકાગ્રતા અનુભવાય છે, પ્રેમ પ્રબળ બને છે, અને એવા અન્ય અનેક લાભ થાય છે.

માટે બીજાં સાધનોની ચિંતા તથા ભ્રમણામાં પડયા વિના નામસ્મરણ કરતા રહેવું.

### ભક્તિનું રહસ્ય

આપણે ભગવાનમાં વિશ્વાસ રાખીએ છીએ અને ભગવાનની ભક્તિ કરીએ છીએ એની સાથે આપણી જવાબદારી, આપણું ઉત્તરદાયિત્વ વધે છે. આપણે અમુક માર્ગે જ આગળ વધવું જોઈએ અને અમુક માર્ગે આગળ ના વધવું જોઈએ, અમુક જાતનું જીવન જીવવું જોઈએ અને અમુક જાતનું જીવન ના



જીવવું જોઈએ, એવી અપેક્ષા રાખવામાં આવે છે. એવી અપેક્ષા આપણો અંતરાત્મા અને આપણી આસપાસનો સમાજ બંને રાખે છે. કોઈવાર એ અપેક્ષાને આપણે સંતોષી શકીએ છીએ, તો કોઈવાર નથી સંતોષી શકતા. એના પરિણામે જો સમજુ હોઈએ તો અસંતોષ અનુભવાય છે.

આપણે ભક્ત તરીકે તિલક કરીએ, કંઠી બાંધીએ, માળા જપીએ, સ્તોત્રપાઠ કરીએ, દેવદર્શન તીર્થાટન કે ધર્મગ્રંથોનો આધાર લઈએ એટલું જ પૂરતું નથી. આપણે શુદ્ધ બનતાં, સદાચારી અથવા સત્કર્મપરાયણ થતાં, અને સંવેદનશીલ બનતાં શીખવાનું છે. સંસારમાં આપણા પરમારાધ્ય પરમાત્માના દૈવી સ્વરૂપની ઝાંખી કરીને સૌને સુખશાંતિ પહોંચાડવા તથા ઉપયોગી થવા તૈયાર રહેવાનું છે. ભૂલેચૂકે પણ કોઈનું કૂડું તો ના જ કરાય, કોઈનું શોષણ તો ના જ થાય, કોઈને અન્યાય અનીતિ અનાચારના શિકાર ના બનાવાય, તેનું ધ્યાન રાખવાનું છે. ભક્ત બનવું એનો અર્થ માનવ મટી જવું એવો નથી થતો પરંતુ આદર્શ માનવ બનવું એવો થાય છે એ યાદ રાખીને આદર્શ માનવ બનવાની દિશામાં દિનપ્રતિદિન ચોક્કસ ચાલે આગળ વધવાનું છે.

ભક્ત પોતાની જાતને બે પ્રશ્નો જરૂર પૂછે : ભગવાનને શું ગમશે અને ભગવાનને શું નહિ ગમે? તો એનો જીવનપથ, સાધનાપથ સરળ બની જશે. ભ્રાંતિરહિત થશે. ભગવાનને ચોરી, હિંસા, અનૃત, વ્યભિચાર, છળકપટ, શોષણ, દુરાચાર નહિ ગમે. તો પછી એમનો આધાર ભૂલેચૂકે પણ ના લેવાય. એમાંથી પાછા વળવાની પ્રવૃત્તિ પ્રારંભવી જોઈએ. ભગવાનને સદ્ગુણો, સદ્વિચારો, સત્કર્મો ગમશે. દાન ગમશે. સેવા ગમશે. સંયમ તથા પવિત્રતા પસંદ પડશે. તો પછી એમનો આધાર લેવો જોઈએ.

એથી ભક્તને પોતાને અને બીજા બધાને લાભ પહોંચશે. એવી ભક્તિ સુખકારક, શાંતિદાયક, સંતોષપ્રદ, આશીર્વાદરૂપ બનશે.

આપણા એક ભક્તકવિએ ભક્તિના એવા જીવનોપયોગી રહસ્યને વર્ણવતાં પોતાની સરળ છતાં રસમય ભાષામાં લખ્યું છે :

હરિજન હોય તેણે હેત ઘણું રાખવું.
નિજ નામ ગ્રાહી નિર્માત રહેવું;
ત્રિવિધના તાપ તે જાપ જરણા કરી,
પરહરી પાપ રામનામ લેવું
સૌને સરસ કહેવું, પોતાને નરસ થવું,
આપ આધીન થઈ દાન દેવું,
મન કરમ વચને કરી નિજ ધર્મ આદરી,
દાતા ભોક્તા હરિ એમ રહેવું.
અડગ નવ ડોલવું, અધિક નવ બોલવું,
ખોલવી ગુજ તે પાત્ર ખોળી;
દીનવચન દાખવું, ગંભીર મનું રાખવું,
વિવેકીને વાત નવ કરવી પહોળી.
અનંત નામ ઉચ્ચારવું, તરવું ને તારવું,
રાખવી ભક્તિ તે રાંક દાવે,
ભક્ત ભોજો કહે ગુરુપરતાપથી
ત્રિવિધના તાપ ત્યાં નિકટ ના'વે.

એનો સૂચિતાર્થ સ્પષ્ટ છે.

ભગવાનની ભક્તિથી શું નથી થતું અથવા શું નથી મળતું? ભક્તિરૂપી કામધેનુના સેવનથી સઘળા શુભ હેતુ સિદ્ધ થાય છે, આ લોક અને પરલોકનો એવો કોઈ પદાર્થ નથી જેની પ્રાપ્તિ ભક્તિદ્વારા ના થાય. એને માટે કેવળ ભક્તની ઈચ્છા હોવી જોઈએ. ભક્તિ ભક્તને નિર્વાસનિક કે ઈચ્છારહિત પણ બનાવે છે. આત્મજ્ઞાન આપે છે, વૈરાગ્યને જગાવે છે અને વધારે છે, મનને સ્થિર અથવા એકાગ્ર કરે છે, સમાધિ બક્ષે છે, જુદી જુદી સિદ્ધિઓ પ્રદાન કરે છે, અને ભગવાનના દૈવીદર્શનનો દેવદુર્લભ લાભ આપીને જીવનને પ્રસન્ન, પ્રશાંત, પરમપવિત્ર, પૂર્ણ, મુક્ત, કૃતાર્થ કરે છે.



જેણે ભક્તિની સર્વશ્રેયસ્કર સર્વોપરી સાધનાનો સમાશ્રય લીધો એને અન્ય એકેય સાધનનો આધાર નથી લેવો પડતો. ભક્તિની એક જ સાધના જીવનના આત્મિક અભ્યુત્થાનને માટે પર્યાપ્ત થઈ પડે છે. હાથીના પગલામાં સઘળાં પગલાં સમાઈ જાય છે **सर्वे पदं हस्तिपदे निमग्नम्** એ ઉક્તિની જેમ, ભક્તિની સર્વ-સારગર્ભિત સાધનામાં બીજી બધી જ મહત્ત્વની સાધનાઓ સમાઈ જાય છે.

ભક્તિરૂપી કામધેનુનું સેવન સર્વ કાળે, સર્વ પ્રકારે સૌને સારું શ્રેયસ્કર ઠરે છે.

## ચૂંટેલા પુષ્પો

"જે માણસ અકિંચન છે, કેવળ ભગવદ્‌ભજનમાં જ તત્પર છે અને સંસારસાગરની પાર જવા ઈચ્છે છે, એને માટે વિષયી જનોનું દર્શન એ વિષભક્ષણ કરતાં પણ વધુ ખરાબ છે."

"ભગવાનના સેવકોને તો બધા જ સારી રીતે માન આપે છે. તેમાં રાય કે રંક બધા સરખા છે." **(શ્રીચૈતન્ય મહાપ્રભુ)**

## * દીવાળી કે હોળી ! *

અગણિત દીપે દીવાળી
ને મોટે ભડકે હોળી!
પ્રકાશ–ઉષ્મા ઉભય–નેત્રે
અસલ રતન લે ખોળી
મનવા! દીવાળી કે હોળી!
નરકાસુર કે અઘાસુર કે
ભક્ત–અસુરની માસી!
તેજ–પુંજથી તિમિરટળે ને
અન્તર રહે પ્રકાશી;
કર્દમ–કળણે ખરડી કાયા
ગંગજલે લે ઝબોળી
મનવા! દીવાળી કે હોળી!
ઉત્સવનું ગૌરવ અવસરમાં
અવસર ઉજ્જ્વલ કીજે;
સંભરીએ જીવને ઈશ્વરને
કાળજ સઘળાં સીઝે;
દૃગમાં એક અવિચલ રાજે
ઈતર મારો ગોળી
મનવા! દીવાળી કે હોળી!
પ્રકાશ–ઉષ્મા ઉભય–નેત્રે
અસલ રતન લે ખોળી
મનવા! દીવાળી કે હોળી!

ડૉ. રણજિત પટેલ (અનામી)



# ભગવદ્ સેવા

કમલ સુથાર

સંસ્કારી મનુષ્યનો માનવીય ગુણ છે; ધર્મ છે. પશુ કોઈની સેવા કરતાં નથી. કેમકે પશુઓમાં બુદ્ધિ નથી. વિવેક નથી. જાગૃત ચેતના નથી. પાશવિક ભૂમિકા ઉપર જીવતાં આવાં પશુઓનું કોઈ મૂલ્ય નથી.

પશુઓથી મનુષ્ય શ્રેષ્ઠ છે. કેમકે મનુષ્યમાં બુદ્ધિ છે. વિવેક છે. સાર–અસારનો નિર્ણય કરવાની શક્તિ છે. સત્ય–અસત્યનો ભેદ પારખવાની શક્તિ છે.

કોઈ દુ:ખી, પીડિત, બીમાર કે અસહાય મનુષ્યને જોઈ જેના હૃદયમાં સહાનુભૂતિની લાગણી પેદા થાય તે મનુષ્ય. પણ આવા સમયે જે દુ:ખી પીડિત કે બીમાર મનુષ્યને કરડવા દોડે તે અધમ પૂતના. તે તાડકા. તે અસુર. તે અધમ કપટી કૌરવો. કે ઝેરી ડાકણો. આવાં બે પગાં પૂંછડી વગરનાં કોઈનીય સેવા કરતાં નથી. કેમકે આવામાં માણસાઈ નામનું કોઈ તત્ત્વજ હોતું નથી.

સંતો, મહંતો, મહાપુરુષોએ પણ સેવાનું ખૂબ મૂલ્ય આંક્યું છે. જનસેવાને એ પ્રભુસેવા જ માને છે. સજ્જન બુદ્ધિમાનો જનસેવા કરી પોતાનું અમૂલ્ય માનવજીવન સાર્થક કરે છે. ઝેરી પૂતનાઓ અને કપટી કૌરવો જ ભગવાન શ્રીકૃષ્ણને કરડવા દોડે છે. એ ભગવદ્ સેવાનું મૂલ્ય પણ શું સમજે? અંતસમયે એમના માટે તો નરકનાં દ્વાર જ ખૂલે.

મનુષ્યનું જીવન વારંવાર મળતું નથી. અનેક જન્મોના પુણ્ય

પછી આવો અમૂલ્ય માનવદેહ મળે છે. સંત કબીરદાસ પણ કહે છે : "नहीं ऐसो जनम बारंबार।"—આ અમૂલ્ય માનવ દેહ દ્વારા જ પ્રભુપ્રાપ્તિ સંભવ છે. પશુઓ કદીય પ્રભુપ્રાપ્તિ કરી શકતાં નથી. મનુષ્ય જ પ્રભુચિંતન, જ્ઞાન, ભક્તિ, યોગ કે નિષ્કામકર્મ—જન-સેવા દ્વારા પ્રભુપ્રાપ્તિ કરી જીવન સાર્થક કરી શકે છે.

સેવાથી સદ્‌ગતિ થાય. દુઃખી, પીડિતોના આશીર્વાદ મળે. મનની ઊર્ધ્વગતિ થાય. પુણ્ય મળે. સુખ મળે. પરમ શાન્તિ મળે. મોક્ષ મળે. એટલે જ તો સર્વસત્તાધીશ અને વૈભવયુક્ત હોવા છતાં પણ રાજા જનક સંતો, જ્ઞાનીઓ, મહાપુરુષો, દુઃખી, પીડિતોની સેવા કરતા. તે આત્મજ્ઞાની હતા. નિષ્કામ કર્મયોગી હતા. અને એટલે જ આ પ્રબુદ્ધ રાજાએ સેવાને જીવનનો આદર્શ બનાવ્યો હતો. તે જનક વિદેહી કહેવાયા. અનેકોના પ્રેરકદીપ બન્યા.

આધુનિક યુગના પ્રબુદ્ધ બેરિસ્ટર સંત જગવંદનીય પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પણ જનસેવાને જ પ્રભુસેવા માની હતી. એટલે જ તો આ મહાપુરુષ દરિદ્રનારાયણોની સેવા કરવામાં કોઈ નાનમ અનુભવતા ન હતા. અછૂતોદ્ધારનું ભગીરથ જનસેવાનું કાર્ય કરીને સેવામૂર્તિ બન્યા. અનેકોના વંદનીય બાપુ બન્યા.

'જન સેવા એ જ પ્રભુસેવા.' 'જનસેવા એ જ ભગવદ્ સેવા.' પ્રાણીમાત્રમાં ભગવાનનો વાસ છે. અખિલ બ્રહ્માંડમાં પ્રભુનો જ વાસ છે. એટલે જ તો પરમ આત્માનુભવી ભક્તકવિ નરસિંહ મહેતા કહે છે :

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ;
જૂજવે રૂપે અનંત ભાસે."



પરમ આત્માનુભવી સમર્થ સંત કબીરજી પણ કહે છે :

"કસ્તૂરી કુંડલ બસે મૃગ ઢૂંઢે વન માંહી,
ઐસે ઘટ ઘટ રામ હૈ દુનિયા જાને નાહી."

આ ઘટ ઘટમાં વસનારા પ્રભુને જેણે ઓળખ્યા એ જ સાચા જ્ઞાની. બાકી તો ગટરો ઉલેચતી ભગવાનને ભસતી, કરડવા દોડતી ગલબી ઘાટણો. ને દારૂ પીને ભગવાન ઉપર હમલા કરતા લવતા રઘલા કુંભકરણો;—આવાં બે પગાં પશુઓ કરોડો જન્મોમાંય ભગવાનને પામી શકતાં નથી. એ—પાશવિક ઉત્પાત કરતાં કાળના મુખમાં ચવાઈ જાય છે.

જે ઘટઘટમાં વસનારા હરિને જાણે છે ને સેવા કરે છે એ જ હરિદર્શન કરી શકે છે. હરિને પામે છે. સંત કવિ તુલસીદાસજી એટલે જ કહે છે :

"સિયારામ મય સબ જગ જાનિ;
કરુ પ્રણામ જુગલ કર જોરિ."

ભગવદ્ સેવા મનુષ્યને ભવસાગર પાર કરાવે છે.

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

# મહાત્મા મસ્તરામજી

સંકલન : ઝિઝુવાડિયા કનૈયાલાલ

## વાસનાત્યાગ

મહાત્મા મસ્તરામજી ખાવાપીવાની બાબતમાં તદ્દન અનાશક્ત હતા. તેમ છતાં ઋણાનુબંધયોગે કોઇનાં ઋણ ચૂકવવા તે વાસનાને વશ થવાનો દેખાવ તેમણે કર્યો હોય તો તેથી કાંઇ મહારાજશ્રીને આ ખાવાપીવાની વૃત્તિ થઇ અને તે એટલી બધી વધી ગઇ કે તેથી પરવશ બની ગયેલા મહારાજશ્રીએ પોતાના કાયા અને મનને ધડો બેસાડવા ખાદ્યપેયના આ વિચિત્ર પ્રયોગો આદર્યા હતા એણ કહી શકાય નહિ. ઉચ્ચ કોટિના આ સંતના સંબંધમાં એટલું જ કહી શકાય કે, એ એમની લોકોને બોધ આપવા માટે સર્જાયેલી કોઇ લીલા અજબ હતી. આ રહ્યા તે લીલાના પ્રસંગો.

પોતે એક વખત બોટાદમાં હતા. ત્યાં એમનો એક રજપૂત ભક્ત હતો. તેને ત્યાં ગાયભેંસ, ખેતર વગેરે હોઇ તે સુખી હતો.

એક દિવસ પ્રાતઃકાળમાં ઊઠી મહારાજશ્રી એ ભક્તને ઘેર ગયા. ભક્તે મહારાજશ્રીને પ્રણામ કરી આસન આપી બેસાડયા અને ભક્ત શી આજ્ઞા છે એમ પૂછવાનો વિચાર કરે છે, ત્યાં જ મહારાજ બોલ્યા. 'આજે, હું તારે ત્યાં ભિક્ષા લઇશ. ભિક્ષા માટે દૂધપાક તૈયાર કરાવજે. ખૂબ દૂધપાક બનાવજે.' આટલું કહી, મહારાજ ચાલતા થયા.

ભક્ત દિલનો ઉદાર હતો. એણે પણ એકાદ મણ દૂધનો



દૂધપાક બનાવ્યો. એમાં બદામ–એલચી નાંખી તેને ખૂબ સ્વાદિષ્ટ કર્યો. મહારાજશ્રી બપોરે ભોજન માટે આવ્યા. મહારાજશ્રીના ભાણામાં પૂરી, શાક, કઠોળ, ઇત્યાદિ પીરસી સાથે દૂધપાકનું છાલિયું મૂક્યું. મહારાજશ્રીએ ભાણામાંની કોઇ ચીજને હાથ પણ ન લગાડતાં, પેલું દૂધપાકનું છાલિયું મોઢે માંડયું અને તેમાંનો દૂધપાક પી ગયા. પછી બીજો દૂધપાક મંગાવ્યો ને ઉપરાઉપરીએ પ્રમાણે દૂધપાકનાં છાલિયાં ભરીભરીને પીવા માંડયાં. આમ દસ છાલિયાં દૂધપાક પેટમાં ગયો હશે કે મહારાજશ્રીને ઊબકા આવવા શરૂ થયા. તોપણ એમણે દૂધપાક પીવાનું ચાલું રાખ્યું. પરિણામે બધો દૂધપાક ઊલટી વાટે બહાર નીકળી ગયો! તોયે મહારાજશ્રીએ દૂધપાક પીવાનું બંધ ન કર્યું. પરાણે પણ પીતા અને બોલતા જતા કે, લે મન! ધરાઇને ખૂબ દૂધપાક ખાઇ લેજે. એમ દૂધપાક પીતાં પીતાં ઊલટી કરતાં કરતાં ને મનને ઉપદેશ કરતાં કરતાં તૈયાર કરાવેલો બધો જ દૂધપાક પૂરો થઇ ગયો એટલે પછી વોમિટ ઊલટીમાં બહાર નીકળેલો દૂધપાક છાલિયામાં ભરી ભરી પીવા લાગ્યા ને ઊલટી પર ઊલટી કરવા લાગ્યા. એમ કેટલોક વખત થયું એટલે એ દૂધપાકને જોઇને જ ઊબકા આવવા લાગ્યા ત્યારે જ મહારાજશ્રી દૂધપાક પીતાં બંધ થયા. કહેવાય છે કે, આ પ્રસંગ પછી એમણે દૂધપાક સામું કદી જોયું જ નહિ.

એવી જ રીતે એક વખત તેઓ શિહોર ગયેલા. ત્યાં રહ્યા તે દરમિયાન એમને એકદમ ચા પીવાની ઇચ્છા થઇ આવી. કહેવાય છે કે, આવી વૃત્તિને કાયમ માટે બંધ કરવા રાજગોર શેરીમાં રહેતા વીરેશ્વર નામના રાજગોર ભક્તને ઘેર તેઓ પહોંચી ગયા.

વીરેશ્વરે મહારાજનું સારી રીતે સન્માન કર્યું અને પ્રણામ કરી શી આજ્ઞા છે એમ પૂછ્યું. એટલે મહારાજે કહ્યું, "જો

વીરેશ્વર, આજે મારે ખૂબ ચા પીવી છે, માટે તું ચા બનાવ. ખાસ્સો મોટો ઘડો ભરીને ચા તૈયાર કરજે." વીરેશ્વરે મહારાજશ્રીના કહ્યા પ્રમાણે એક મોટો ઘડો ભરી ચા તૈયાર કરી, અને એક છાલિયા સાથે મહારાજ પાસે મૂકી. મહારાજે છાલિયાં ભરી ભરી ચા પીવા માંડી. પાંચેક છાલિયાં ચા પિવાઈ એટલે ઊબકા શરૂ થયા. છઠ્ઠું છાલિયું ભરી ચા પીધી એટલે સખત ઊલટી થઈ; પણ તેની પરવા ન કરતાં મહારાજે ચા પીધા જ કરી. દરેક છાલિયું પીતાં પીતાં મનને કહેતા જાય કે ધરાઈને પી લેજે. આમ એક બાજુથી ચા પીતા ને બીજી બાજુએ ઊલટીનું દુઃખ સહન કરતા જાય. આખરે ઘડો ખાલી થયો એટલે એમના આ પ્રયોગનો અંત આવ્યો. ત્યાર પછી મહારાજશ્રીએ ચા તરફ કદી નજર સરખી પણ કરી નહોતી, એમ કહેવાય. મનને ગમતી વસ્તુમાંથી ઉપરામિત કરવાની આ તેઓની અનોખી પદ્ધતિ હતી. બીજાઓને તે ગંદી લાગે પરંતુ તેઓને જે પદ્ધતિ ઠીક લાગી તે પ્રમાણે તેઓએ આચરણ કર્યું.

### ધનપ્રતિ વૈરાગ્ય

'કામિની અને કાંચન' એ આ જગતનાં એવાં તો મોટાં પ્રલોભનો છે કે, તેમની મોહજાળમાં જાણ્યે અજાણ્યે ઘણા મોક્ષમાર્ગી પ્રવાસીઓ પણ ફસાઈ જાય છે! મહારાજશ્રી ધનનો સ્પર્શ પણ કરતા નહિ. છતાં એમના ભક્તો એમને કોઈ ને કોઈ પણ પ્રકારે ધન સોંપવાની તરકીબ રચતા તો તેમને એ એવો તો સીધો જવાબ આપતા કે તેવા કાર્યની યા તો ધનસંરક્ષણની વાત એમની આગળ ફરી કરતા નહિ, કરવાની હિમ્મત કરતા નહિ.

નામદાર સર તખ્તસિંહજી મહારાજાનો મસ્તરામજી મહારાજ પર અનન્ય ભક્તિભાવ હતો. મસ્તરામજી માટે એમના મહેલો,



બાગો અન અંતઃપુરવાસ પણ ખુલ્લા હતા. કોઈ પણ સ્થળે જવા માટે તેમને સમયનાં કોઈ બંધન નહોતાં.

એક દિવસ આ ભક્ત મહારાજને મસ્તરામજીના ચરણ-કમળમાં કંઈક ભેટ ધરવાનો સંકલ્પ થયો. આથી મસ્તરામજી એમના મોતીબાગમાં પધાર્યા એટલે તરત જ મહારાજાએ એમને વંદન કરી સન્માન સાથે આસન બિછાવી બેસાડયા. ત્યારબાદ હજાર–હજાર રૂપિયાની પાંચ થેલીઓ મંગાવીને મસ્તરામજીના ચરણ આગળ મૂકી, તે સ્વીકારવા પ્રાર્થના કરી. મસ્તરામજીએ થેલી સામે જોઈ પૂછ્યું. 'અરે! આ શું છે?' મહારાજાએ કહ્યું. 'એ રૂપિયાની થેલીઓ મારી આપને નમ્ર ભેટ છે.' મહારાજાએ તેનો સ્વીકાર કરી સાધુ–બ્રાહ્મણને દાનપુણ્ય અર્થે વાપરવા માટે મહાત્માજીને વિનંતિ કરી. મહારાજશ્રીએ તરત જવાબ પરખાવ્યો, 'હું શું કાંઈ તમારો નોકર છું? શું તમે તમારા હાથે એ દાન વગેરે કરી શકતા નથી? અહીંથી આ થેલીઓ ઉપડાવી લ્યો.' મહારાજાશ્રી મસ્તરામજીનો આ ઉત્તર સાંભળી મુગ્ધ બની ગયા અને ન છૂટકે ત્યાંથી એમણે થેલીઓ ઉપડાવી લીધી. (તે સમયમાં રૂપિયા શુદ્ધ ચાંદીના ચલણમાં હતા.)

### ખરી પર–સેવા

એક વખત કોઈ બહારગામનો સાધુ, પોતાની જગ્યામાં એક દેવમંદિર હતું તેના જીર્ણોદ્ધાર માટે ઉઘરાણું કરવા ભાવનગરમાં મસ્તરામજી પાસે આવી ચઢયો. આ સાધુએ જોયું કે નામદાર મહારાજાશ્રીને મસ્તરામજી પર ખૂબ ભક્તિ હતી. એણે આ મંદિર માટે મસ્તરામજીને સારી રકમ આપવાની ભલામણ કરવા વિનંતિ કરી. આ વિનંતિના જવાબમાં મસ્તરામજીએ સાધુને કહ્યું, 'ત્યારે આનો અર્થ એ જ થયોને કે જે દેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરવા

માટે તું તખ્તસિંહજી પાસે યાચના કરવા આવ્યો છે, તે તખ્તસિંહજી તારા દેવ કરતાં વધુ મોટા છે? તખ્તસિંહજી મહારાજ જ જો તમારે હિસાબે વધુ મોટા હોય તો એમનું જ મંદિર કેમ નથી બાંધતા? અરે, એ બધું છોડી તમો તમારા દેવને જ પ્રાર્થના કરો ને! એ જ સાચી ભલામણ છે. એમ કરશો તો બધું પામશો.'

આવો જ એમના વિનોદનો બીજો પ્રસંગ સ્વામીશ્રી નિત્યાનંદજી અને પ્રકાશાનંદજીના (ગોંડલ સત્સંગ મંડળના) વાર્તાલાપમાં પ્રકટ થયો છે. તે તે પુસ્તકના જ શબ્દોમાં અહીં આપ્યો છે.

સ્વામીશ્રી પ્રકાશાનંદજી સંવત ૧૯૫૭ ની સાલમાં જામનગર હતા, ત્યારે એક દ્રાવિડી સ્વામી ત્યાં હતા. તેમણે પ્રકાશાનંદજીને કહ્યું કે, 'એક મહાત્મા અહીં બિરાજે છે. આપને તેમનાં દર્શન માટે આવવાની ઇચ્છા છે?' ત્યારે પ્રકાશાનંદજી તેમની સાથે મસ્તરામ મહારાજ પાસે દર્શને ગયા. પછી પ્રસંગ નીકળતાં દ્રાવિડી સ્વામીએ મસ્તરામ મહારાજને કહ્યું કે, 'હું જે સ્થળે રહું છું ત્યાંનો કૂવો જીર્ણ હાલતમાં, પાણી વગરનો ભાડ જેવો છે, તેથી મારે સ્નાન કરવા માટે બહુ દૂર નદીએ જવું પડે છે. આપને રાજાઓ સાથે પરિચય છે, તો હજારેક રૂપિયાની સગવડ કરાવી આપો તો સારું.' ત્યારે જવાબમાં મહાત્મા મસ્તરામજીએ કહ્યું, 'ભલે, કદાચ તેવી સગવડ થાય, પરંતુ કૂવો થતાં કોઇ સાસુ–વહુને ઝઘડો થાય અને કદાચ કોઇ વહુ કૂવામાં ઝંપલાવે તો તેનું પાપ મને અને આપને બંનને લાગે, માટે તેવું શું કરવા કરવું?'

### ગરીબોના બેલી

સાચા સંત મહાત્માઓને પોતાને ધનની કાંઇ સ્પૃહા કે ચિંતા હોતી જ નથી, એમની વૃત્તિ ગમે તે થાય પણ કદી ચલાયમાન નથી થતી; પરંતુ બીજાને કોઇ પ્રકારનો અન્યાય થતો પણ એ



જોઇ શકતા નથી. ખાસ કરી કહેવાતા પ્રતિષ્ઠિત ગૃહસ્થો જ્યારે જુઠ્ઠાણાનો આશ્રય લઇ, ગરીબ, નિરાધાર લોકોની કનડગત કરી, એ ગરીબોની કાળી મહેનતના પૈસા અન્યાયથી પડાવી લેવાના પેંતરા રચે છે ત્યારે એવા મસ્ત મહાત્માઓ તે મૂંગે મોંએ સહન નથી કરી શકતા. આવા ઉપાય યોજે છે કે, એવા આબરૂદારનું પાપ પલકમાં પ્રકટ થઇ જાય છે!

આવો એક પ્રસંગ ભાવનગરમાં બની ગયો. એક ઠાકર મંદિરમાં ખોડીદાસ નામનો જટાધારી સાધુ રહેતો હતો. એની આબરૂ સારી હતી. ત્યાં એક કુંભારણ વિધવા ડોશી રહેતાં હતાં. તેણે મહેનત, મજૂરી–દળણાં, ખાંડવાનાં કામ કરી રૂ. ૧૦૦ ની રકમ એકઠી કરી હતી. એને નજીકનું કોઇ સગું નહોતું. ઘર પણ બંદોબસ્ત વિનાનું. તેથી એને એ રકમ ચોરાઇ જવાનો ભય રહેતો હતો. આથી એણે એ રકમ કોઇ સારા આબરૂદાર પવિત્ર માણસને ત્યાં થાપણ તરીકે મૂકવાનો વિચાર કર્યો. વાણિયા નાણાવટી કદાચ દેવાળું કાઢે તો રકમ મૂળગી જતી રહે એવી એને ધાસ્તી હતી. તેથી કેવળ મંદિર સંભાળીને બેસી રહેતા હોવાથી વિશ્વાસપાત્ર જણાતા આ ભૂરિયા બાવાને એણે એની થાપણ સોંપવાનો વિચાર કર્યો. તેણે બાવાજીને પોતાના બધા વિચારો કહ્યા. તેમના પ્રત્યે તેની શ્રદ્ધા અને વિશ્વાસ છે એમ જણાવી એ રકમ સાચવી રાખવા સોંપી. પોતાને જાત્રાએ જવું હશે ત્યારે અથવા કોઇ માંદગીમાં જરૂર પડશે ત્યારે એ રકમ પોતે લઇ જશે તેમ જણાવ્યું. બાવાજીએ એ વાત કબૂલ રાખી થાપણ સ્વીકારી.

એકાદ વર્ષ પછી સારો સંગાથ મળવાથી ડોશીમાને કાશીની

યાત્રાએ જવાની ઇચ્છા થઇ. આથી ડોશીમા તે બાવાજી પાસે ગયાં અને પોતાને યાત્રાએ જવાની ઇચ્છા છે જણાવી પોતાની થાપણ પાછી માંગી. આથી બાવાજીએ ત્રાડ પાડી, અચંબો બતાવતાં બોલ્યા 'તારી વળી થાપણ કેવી? અહીં મૂકી છે જ ક્યારે? ખોટી ગળે પડવા આવી છે?' બાવાજીની ત્રાડથી બધા લોકો ભેગા થઇ ગયા. બાવાજીની અત્યાર સુધીની આબરૂ સારી હતી. લોકોને એમને માટે માન હતું તેથી આ હલકી જાતની કુંભારણ માટે હલકો અભિપ્રાય ધરાવતા લોકોએ બાવાજીની જ વાત સાચી માની અને ગરીબ ડોશીને ગળેપડુ, લેભાગુ કહી, ધુત્કારી કાઢીને ત્યાંથી હાંકી મૂકી.

ડોશીમાની તો આટલી જ થાપણ હતી. એને સ્વપ્ને પણ કલ્પના નહિ આવેલી કે આવો ધર્માચરણી બાવો હડહડતું જૂઠું બોલી એની થાપણ પચાવી પાડશે. એણે તો રડીને ખૂબ કલ્પાંત કર્યું અને અન્નજળનો ત્યાગ કરી ઘરમાં પડી રહી. પાડોશીઓને દયા આવવાથી એને સમજાવી શાંત પાડવા બધા પ્રયત્નો કરી જોયા પણ તે વ્યર્થ ગયા. એક જણે કહ્યું, 'મસ્તરામજી સંત આવ્યા છે, તેને ફરિયાદ કર, તે કોઇ રસ્તો કાઢશે.' આ વાત થતી હતી એટલામાં મસ્તરામજીને એના ઘર નજીકથી જ પસાર થતા તેણે જોયા એટલે એમના પગ પકડી પોતાના દુઃખની કહાણી કહી સંભળાવી. મહારાજશ્રીએ બધી વાત ધ્યાનપૂર્વક સાંભળી. પછી એ વાતનો નિકાલ કરવા બાવાજી પાસે ગયા. મહારાજશ્રીને બાવાજીનો પ્રથમથી પરિચય હતો. બાવાજી તેમને બોલાવી કોઇ કોઇ વખત ભિક્ષા પણ કરાવતા. આજે પણ મહારાજને આવતા જોઇ એમણે મહારાજને માનપૂર્વક બોલાવ્યા. મહારાજશ્રી ત્યાં ઓટલા પર બેઠા. થોડા પાછળ રહી ગએલ ડોશીમા પણ આવી



પહોંચ્યાં ને ઓટલાનાં પગથિયાં ચડવા લાગ્યાં. ડોશીમાને જોતાં જ બાવાજીએ તેને ધુત્કારીને ત્યાંથી હાંકી કાઢી.

મસ્તરામજીએ બાવાજીને પૂછ્યું 'શું હકીકત છે?' થાપણ લીધી જ હોય તો પાછી આપી દેવા કહ્યું. બાવાજીએ તો થાપણ લીધાનો ચોખ્ખો ઇન્કાર જ કર્યો. આથી ડોશીમાની આ છેલ્લી આશા પણ તૂટતી જણાઇ. ડોશીમાએ લાચારીથી આંસુ પાડવા માંડયાં ને મહારાજશ્રીના ચરણ પકડયા. મહારાજશ્રીએ તેને કહ્યું, 'માતાજી, તું હવે ઘેર જા. સર્વ સારાં વાનાં થશે. તને તારું બધું મળી જશે.' ડોશીમાના વિદાય થયા પછી બાવાજીએ પોતાની જાતને નિર્દોષ સાબિત કરવા એલફેલ બોલવા માંડયું. તેને મહારાજશ્રીએ ચૂપ કર્યો ને કહ્યું, 'જો બાવાજી, આ ગરીબની થાપણ તું પાછી આપી દે.' પણ બાવાજી તો મક્કમ રહ્યા. આથી મહારાજશ્રીએ ઊઠીને ચાલવા માંડયું.

મહારાજશ્રી માંડ દસ પગલાં ગયા હશે, એટલામાં તો બાવાજીને જાણે અગ્નિની ઝાળ લાગી હોય તેમ આખા શરીરે બળતરા થવા લાગી. આ બળતરા એકદમ એટલી બધી વધી ગઇ કે બાવાજીએ ઓશરીમાં આળોટવા માંડયું ને બૂમાબૂમ કરી મૂકી. આથી એમનાં સગાંસંબંધી તથા પિછાનવાળા દોડી આવ્યાં અને એમણે વૈદ્ય તથા ડોક્ટરોના બનતા બધા ઉપચાર કર્યા પણ કોઇની દવાથી કશો સુધારો થયો નહિ. આ જોઇ એક ભાઇએ કહ્યું, 'બાવાજી, તમે મસ્તરામજી પાસે ખોટું બોલ્યા હશો, તેથી જ આ પીડા ઊપડી છે. આ ડોશીની થાપણ વિષે જે ખરી હકીકત હોય તે હજી પણ કહી દો તો જ તમારું આ ભયંકર દર્દ મટશે એમ લાગે છે.' બાવાજીને પણ અંદરથી તો એમ લાગતું હતું જ ને તેમાં આ ભાઇએ વળી તે જ કહ્યું. દર્દ તો એટલું બધું વધી

ગયું કે મોત જાણે દૃષ્ટિ આગળ જ ખડું થયું હોય એવો બાવાજીને ભાસ થયો. આથી બાવાજીએ બધું અભિમાન મૂકીને ડોશીમાની થાપણ લીધાની વાત કબૂલ કરી, પોતાના ભાવિએ જ એને આમ નામક્કર જવાનું પાપ કરવામાં પ્રેર્યાની વાત કરી. સાચા હૃદયથી પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો.

પેલા ભાઇએ સલાહ આપી કે 'જો આમ જ છે અને આ પીડામાંથી મુક્ત થવું હોય તો હમણાં ને હમણાં એ ડોશીમાને એની થાપણના રૂા. ૧૦૦ તથા તેમાં તમારી આ કસૂરના રૂા. ૫ ઉમેરી કુલ રૂા. ૧૦૫ આપી આવો. (એ સમયે રૂા. સોની કિંમત આજના દસહજાર કરતાં ઘણી મોટી ગણાય.) બાવાજીને આ વાત ઉચિત લાગી. પોતે તો જવાને અશક્ત હતા તેથી કોઇ વિશ્વાસુ માણસ સાથે રૂા. ૧૦૫ મોકલી આપ્યા. આથી ડોશીમાને શાંતિ થઇ. ગરીબ બાઇના હૃદયમાં શાંતિ થતાં જ આ દંભી બાવાજીની પણ મરણતોલ બળતરામાંથી મુક્તિ થઇ! સંતો ઠગનારને ન્યાયી બનવાની ફરજ કેવી રીતે પાડે છે તેનું આ સરસ દૃષ્ટાંત છે 'વાર્યા ન કરે તે હાર્યા કરે' એ કહેવતમાં પણ આ જ રહસ્ય સમાયેલું છે.

### સ્ત્રીઓ પ્રત્યે સમભાવ

આ ત્યાગમૂર્તિ શ્રી મસ્તરામજી નાની ઉંમરની સ્ત્રીઓને 'બેટી' અને મોટી ઉંમરની સ્ત્રીઓને 'મા' કહી સંબોધતા. સામાન્ય રીતે એમને એક ભિક્ષા સિવાય બીજા કોઇપણ પ્રસંગે સ્ત્રીઓ સાથે કાંઇ સંબંધ નથી જણાતો. ઉપર કહેલો ડોસીમાનો એક પ્રસંગ પણ એમના જીવનમાં જાણે અપવાદરૂપ જણાય છે. જોકે એમના અનન્ય ભક્તોમાં વિધવા તેમ જ સધવા સ્ત્રીઓ પણ હતી જ. એમનો પોતાનો અભિપ્રાય એમની સાખીઓમાં છે જ. સાધકને સાવચેત રાખવા તે પૂરતી છે.



"કંચન કામિની વિકટ હૈ ફંદા, જો રહે યે દોથી ન્યારા,
તો એ હૈ સાહેબકા બંદા, મસ્તરામ છૂટે સંસારા.'

સંતો આનંદ સ્વરૂપ હોય છે. પોતાના નિમિત્તે કોઇપણ સ્ત્રી કે પુરુષને દુઃખ ન થાય એ જોવાની તેઓ ખાસ કાળજી રાખે છે.

મહારાજશ્રી એકવાર બોટાદ ગએલ. તેમના ભક્ત, અંગ્રેજી શાળાના સંચાલક શ્રી લક્ષ્મીશંકર ત્રિભુવનભાઇ ત્રિવેદી મહારાજના દર્શને ગયા ત્યારે પોતાની મેળે જ આ અનન્ય ભક્તને કહ્યું, 'આજે તારે ત્યાં ભિક્ષા કરવી છે. તારી લાડીને કહેજે કે, મારે માટે અડદની દાળ અને બાજરાનો રોટલો બનાવે અને રોટલામાં ઘી ન નાખે.' તે દહાડે એકાદશી હોવાથી ભાઇ ત્રિવેદી અને એમનાં પત્નીને ઉપવાસ હતો; તેથી એકલા મહારાજ માટે જ રોટલા–દાળ બનાવ્યાં. મહારાજશ્રી પધાર્યા ત્યારે થાળીમાં રોટલો અને વાડકીમાં દાળ પીરસી ભાણું મૂક્યું. મહારાજશ્રી પ્રથમ બધી દાળ પી ગયા. બીજીવાર માગી તે પણ પી ગયા અને પછી ત્રીજીવાર માગી, ત્યારે ભાઇ ત્રિવેદીએ શરમાઇ જઇ કહ્યું, 'આજે ઉપવાસ હોવાથી એટલી જ બનાવેલી.' મહારાજે કહ્યું, 'હરકત નહિ, રોટલો ખાઇશ.' એમ કહી રોટલો ભાંગ્યો તો પોપડી નીચે ખૂબ ઘી હતું. પોતે ભાઇ ત્રિવેદી તરફ ઠપકાની નજરે જોઇ પૂછ્યું, 'ઘી શા માટે નાંખ્યું? ત્રિવેદીએ પોતાની પત્નીને સૂચના આપેલી જ, છતાં એમના કોમળ, શાસ્ત્રભીરું સ્વભાવને અનુસરી એમણે ઘી નાંખેલું જોઇ ભાઇ ત્રિવેદી સ્ત્રીને ઠપકો આપવા લાગ્યા. આ મહારાજશ્રીથી સહ્યું ન ગયું. તેથી દયાળુ મહાત્મા બોલ્યા, 'ભાઇ, એને ઠપકો દે મા. હું એ રોટલો ખાઇ જાઉં છું.'

પોતાના ઘી ન લેવાના નિયમનો ભંગ કરીને પણ તે દિવસે એક અપવાદરૂપે એ રોટલો ખાધેલો. પોતાના નિમયપાલનને પણ બાજુએ મૂકી એક સ્ત્રીને ઠપકામાંથી બચાવી લેવાની આ દયાર્દ્રતા કેવી અદ્દ્ભુત કહેવાય?

### રામનામનો ગુંજારવ

ઉચ્ચકોટિના મહાન સંતોની અત્યાર સુધીની ચાલી આવેલી પ્રણાલિકાને અનુસરી મહાત્મા મસ્તરામજીએ પોતાનો કોઇ ખાસ ધર્મ યા સંપ્રદાય સ્થાપ્યો નથી. એમણે પોતે પોતાની પૂજાઅર્ચના પણ પ્રયોજી નથી, પોતાના મંત્ર તરીકે પણ કોઇ નવીન જ ગુપ્ત અક્ષર સમૂહ શોધી કાઢી તે પોતાના ભક્તો પાસે નથી જપાવ્યો. એમણે તો એમના ભક્તોને આપણે ત્યાં કરોડો મનુષ્યની જીભ પર જે બે પવિત્ર અક્ષર છે, જેને જપી અનેકો ઉદ્ધરી ગયા છે તે 'રામ'નામનો જ ઉપદેશ આપ્યો; પણ કહેવાય છે કેઃ–

રામ નામ સબ કોઇ કહે, ઠગ ઠાકુર ઔર ચોર,
જિસ નામસે મીરાં તરે ઓ નામ કછુ ઔર.

શેઠ રૂસ્તમજી દીનશાજી ગાંધી શરૂઆતમાં મહારાજશ્રી વિષે વિવેક વિનાનાં વચનો બોલી અવારનવાર એમનાં ભક્ત–પત્નીને મહારાજશ્રીથી સાવચેત રહેવા કહેતા. પરંતુ જેમ જેમ મહારાજશ્રીનો પરિચય પોતાનાં પત્ની મારફત વધતો ગયો તેમ તેમ સમજતા થયા કે, મહારાજ તો ખરા મહાત્મા હતા. આથી મહારાજ માટે તેમનો ભાવ તથા માનઆદર વધતાં ગયાં અને પછી તો મહારાજશ્રીના તેઓ અનન્ય ભક્ત જ થઇ પડયા.

એક દિવસ મહારાજ સંધ્યાકાળે એમને ત્યાં ગયા. એમણે નિયમ મુજબ એમને સાદું ભોજન જમાડયું અને માનપૂર્વક



આસન આપી બેસાડયા. પછી ઉનાળો હોવાથી સૂવા સારું બંગલાની ફળીમાં ખાટલો પાથરી આપ્યો. જોકે પોતે પણ પાસે બીજો ખાટલો ઢળાવ્યો. દસેક વાગ્યા સુધી ભગવાનની ભક્તિની વાતો કરી પછી રૂસ્તમજી સૂઇ ગયા. રૂસ્તમજી સૂતા ત્યારે એમણે મહારાજના મુખમાંથી રામનામનો સ્વર સાંભળ્યો અને રામ-નામનો ધ્વનિ સાંભળતાં સાંભળતાં જ એ નિદ્રાવશ થઇ ગયા. ત્રણેક કલાક પછી એક વાગ્યાના શુમારમાં રૂસ્તમજી જાગી ગયા અને લઘુશંકાએ જઇ આવી પાછા સૂતા. એ વખતે પણ મહારાજ તરફથી રામનામનો ઘેરો સ્વર આવતો હતો. કોઇ દેવળના ઘૂમટમાંથી જેમ પ્રતિધ્વનિ સાથે અવાજ પાછો આવે છે, તેમ જ 'રામનામનો રણકાર' મહારાજના શરીરમાંથી આવતો. આ સાંભળી રૂસ્તમજી વિસ્મિત થયા અને પછી પાછા ઊંઘી ગયા. વળી ચારેક વાગ્યાના શુમારે તે જાગ્યા ત્યારે પણ પાછો એ જ 'રામ–રણકાર' સાંભળ્યો.

હવે રૂસ્તમજી પોતાની જાતને રોકી ન શક્યા. એમણે ધાર્યું કે, મહારાજ તેમને ત્યાં સૂતા ખરા પણ કાંઇ તકલીફથી એમને ઊંઘ નથી આવતી. એથી એમણે બૂમ પાડી. 'મહારાજ! મહારાજ! આપ જાગો છો કે શું?' મહારાજે જવાબ આપ્યો, 'કેમ રૂસ્તમજી! છે શું?' રૂસ્તમજીએ કહ્યું 'આપને ઊંઘ નથી આવી કે શું? આપ તો આખી રાત અહીં જાગતા જ પડી રહ્યા લાગો છો.' મહારાજે પૂછ્યું, 'કેમ એમ પૂછો છો? હું તો સૂઇ ગયો હતો ને મને ઊંઘ પણ આવી હતી.'

રૂસ્તમજીએ કહ્યું, 'આપણે દસ વાગે સૂતા હતા ત્યારે આપના મુખમાં રામનામનો સ્વર ગૂંજતો હતો. ત્યાર પછી એક વાગે હું

જાગી ગયો ત્યારે પણ આપના મુખમાં એ જ રામનામનો રણકાર દેવળના ઘૂમટમાંથી જેમ પડઘો આવતો હોય તેમ આવતો હતો. અત્યારે ચાર વાગે હું જાગ્યો ત્યારે પણ એ જ રામનામનો સ્વર સાંભળું છું. આથી મને લાગ્યું કે, આપને આજે અહીં ઊંઘ આવતી નથી, માટે અહીં આપને કંઈ તકલીફ હોય તો તે ઉપદ્રવ દૂર કરવાના હેતુથી આપને આ પૂછું છું.'

રૂસ્તમજીની વાત સાંભળી મસ્તરામજીએ હસીને ઉત્તર આપ્યો. 'રૂસ્તમજી! હું તો સૂતેલો જ છું. ઊંઘ પણ આવી છે. પણ જો,' એમ કહી એને પોતાના શરીર પાસે ખેંચી તેના હાડકા પર કાન રખાવી બોલ્યા, 'સાંભળ એ જ રણકાર તેં સાંભળ્યો છે ને? આ શરીરના એક એક હાડકાનો એક એક અણુ રામનામથી ગુંજી રહ્યો છે તે જો. આ બધા અણુઓ રાતદિવસ આ રામનામના જપની મસ્તીથી અલગ થતા જ નથી. શરીર ચાલે, બેસે, સૂએ કે કોઈ પણ ક્રિયા કરે, પણ રામનામનો રણકાર તો નિરંતર ચાલ્યાં જ કરે છે! શરીરનો એ સ્વભાવ જ બની ગયો છે. હવે તું સૂઈ જા.' આ રહસ્યમય વાત જાણી, પ્રત્યક્ષ જોઈ રૂસ્તમજી તો આશ્ચર્યચકિત થઈ ગયા અને સૂતા તો ખરા પણ આ રામનામના રણકારની આનંદસમાધિમાં જાગ્રત રહીને શેષ રાત્રિ પૂરી કરી.

## ચૂંટેલા પુષ્પો

"સાપ દેખતાં જ ચિત્તમાં ભય થાય છે, એ રીતે વિષયી પુરુષોનાં દર્શનથી વિરાગી સંન્યાસીને હૈયે ક્ષોભ જાગવો જોઈએ. તેના સંગથી અને વાર્તાલાપથી તો દૂર જ ભાગવું જોઈએ."

**(શ્રીચૈતન્ય મહાપ્રભુ)**



# રામકથા

( ગતાંકથી ચાલુ ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

અંગદને યુવરાજપદની પ્રાપ્તિ થવાથી એ પ્રસન્નતા અનેકગણી વધી ગઈ.

સૌનો શોક હર્ષમાં પલટાઈ ગયો.

તડકો ને છાયા તથા દિવસ અને રાતની જેમ હર્ષ ને શોકની સૃષ્ટિ પણ માનવના અને માનવસમાજના જીવનમાં એવી જ અસ્થાયી છે ને? એ સૃષ્ટિ વારાફરતી ફરતી રહે છે, એમાં એકધારું પરિવર્તન થતું જ રહે છે. અને માનવ એને અનુકૂળ થઈને જીવનનો અભિનય કર્યા કરે છે, નવો શોક જૂનો થાય છે. જૂનો વધારે જૂનો અને છેવટે શાંત થઈને હર્ષમાં પરિણમે છે. એવી રીતે હર્ષ શોકમાં પલટાયા કરે છે. મધુર અને કરુણ, આનંદમય અને શોકમય, સ્વરને છોડનારી આ જીવનરૂપી સિતાર એમ પોતાના સંગીતસ્વર છોડયા જ કરે છે. એકાદ અપવાદ બાદ કરતાં એમાં સૌ કોઈ મુગ્ધ થાય છે.

રાજ્યસુખ, પ્રમદા, પદ અને પ્રતિષ્ઠા પામીને સુગ્રીવ પણ મુગ્ધ થયો, હરખઘેલો બન્યો, ને ભાન ભૂલી ગયો. વિપત્તિના વીતેલા વખતનું વિસ્મરણ એને સહેલાઈથી થઈ ગયું.

રાજ્યના રંગરાગમાં એ એવો તો ડુબી ગયો કે ઋષ્યમૂક પર્વત પર જવાનું ને રામને મળવાનું પણ એણે વખતના વીતવા સાથે માંડી વાળ્યું.

પોતાના કર્તવ્યને ભૂલીને એ પ્રમાદી બની ગયો.

ઋષ્યમૂક પર્વત પર રહેતા રામે એક દિવસે સવારે લક્ષ્મણને કહ્યું : 'વરસાદના દિવસો પૂરા થયા ને શરદઋતુ શરૂ થઈ તોપણ હજુ સુગ્રીવ ન દેખાયો. વરસાદના દિવસોમાં સીતાની સ્મૃતિ ઘણી બળવાન બની, તોપણ મેં મનને સમજાવીને શાંત રાખ્યું. વરસાદના દિવસોનું વાતાવરણ કેટલું અદ્ભુત હતું? સૂર્યની ગેરહાજરીમાં વાદળે વીજળીનું હરણ કર્યું, એને લીધે આકાશમાં જાણે કે ઘર્ષણ શરૂ થયું. વાદળાની ગર્જના થવા માંડી ને બીજી અનેક વીજળીઓ વેર વાળવા માટે મેદાને પડી. એ વખતે સીતાના હરણની વેદનાથી મને કાંઈનું કાંઈ થઈ ગયું. પરંતુ વિહારથી વ્યથિત મન બીજો કોઈ માર્ગ ન દેખાતાં નિરૂપાય બનીને બેસી રહ્યું. શરદ આવી તોપણ સ્મૃતિ સહેજ પણ ઓછી નથી થઈ. ઊલટું વિશેષ પ્રબળ બની છે.'

લક્ષ્મણે કહ્યું : 'મને પણ સીતાને પાછી મેળવવાના જ વિચારો આવ્યા કરે છે. જે વખત જાય છે તે સીતાને માટે અતિશય વેદનાભર્યો જતો હશે. એની કલ્પના કરીને હૃદય રડવા માંડે છે. સુગ્રીવને દુઃખના દિવસોમાં આપણે મદદ કરી પરંતુ સુખના દિવસોમાં એ આપણને ભૂલી ગયો લાગે છે, એ આમોદપ્રમોદમાં મગ્ન છે, એટલે તો આપણી પાસે પણ નથી આવતો. એને આપણી કશી જ નથી પડી.'

'મને પણ એવું જ લાગે છે. સંપત્તિ પામીને એ છકી ગયો છે ને માનિનીને મેળવીને મોહાંધ બન્યો છે. બીજું કાંઈ જ નથી. પોતાના કર્તવ્યને એ ભૂલી ગયો છે.' (ક્રમશઃ)

# * પ્રેમ ને મુક્તિ *

પ્રેમના પવિત્ર બંધનથી જે ના મળે તે મુક્તિ ને શાંતિ હે વૈરાગી, મારે ઈષ્ટ નથી!

જે હૃદય વજ્રથી પણ સખત બને, પથ્થરથી પણ એટલું જડ બને કે તેને ભાવના કે લાગણીનો સ્પર્શ પણ ના થઈ શકે, પ્રેમનો મહાસિંધુ જેના તટને તદ્દન પાસે છતાં પણ ના પલાળી શકે, એ હૃદયની ને એથી સાંપડતી સિદ્ધિની ઓ વૈરાગી, મને જરા પણ તમા નથી

પ્રે... ને શાંત હે વૈરાગી, મારે ...

...તની સુમધુર સૂરાવલિ. મને તો એમાં મળી છે મુક્તિ ને શાંતિ, ઓ વૈરાગી! ને તેથી જ કહું છું કે પ્રેમ એ જ મારી મુક્તિ છે, પ્રેમ વિનાની મુક્તિ મને માન્ય નથી, ને તે હોય તો મારે મન તેની લગીરે કિંમત નથી.

## પ્રેમનું પરમ સ્થાન

સત્તા ને કીર્તિના ઉચ્ચત્તમ શિખર પરથી ઊતરીને ચીંથરેહાલ શરીરે હું તારી પાસે આવ્યો છું, ને મારા દંભી, અહંકારી અંતરને અશ્રુની ધારાઓ દ્વારા તારા ચરણ પર ઢાળી રહ્યો છું.

સદા ઊંચું રહેવાને ટેવાયેલું મારું મસ્તક આજે એકાએક તારી ચરણધૂલિમાં ઢળી પડયું છે, ને મારું સર્વ જ્ઞાન મારા મુખના પોકારમાં સરી રહ્યું છે.

આજ સુધી હું તારા પ્રેમરસને ચાખી શક્યો ન હતો, કેમકે મારી શોધ તારા પ્રેમપ્રસાદ જેવા જગતમાં કે તારી કૃપામાં જ સમાતી હતી. અને હવે આજે, જ્યારે શણગારોને છિન્નભિન્ન કરી દઈને ફક્ત તારી ધૂલિમાં આળોટું છું ત્યારે ત્યારે જ, સમજું છું કે પ્રેમનું પરમ સ્થાન ક્યાં છે?

યોગેશ્વરજી

# * અપૂર્ણતાનું કારણ *

તીખાંમાં તીખાં તપ કરીને થાક્યો, તોપણ તારી સાધનાનો સુખાંત ના આવ્યો, તેનું કારણ?

હિમગિરિની નાની સરખી ગંગાના તીરપ્રાંતની ગુફામ[illegible]પા સુધી [illegible] કરીને સમાધિમાં [illegible] ના આવ્યો, તેનુ કારણ?

સંતોના સમાજમાં શામેલ થવા ન તાય તાર્થે ફરી વળ્યો, તોપણ તારા કલ્યાણનો કલરવ ના સંભળાયો, તનુ કારણ?

માળાના મણકા ફેરવીને થાક્યો ને મંત્ર ને સ્તુતિના ઉચ્ચાર કરીને પણ કંટાળ્યો, તોપણ મુક્તિનો મહાકિનારો ના લાધ્યો. તેનું કારણ?

જેની ચરણરજમાં સંસારનાં સમસ્ત તીર્થો તથા શાસ્રો વાસ કરે છે, ને જેની દૈવી દૃષ્ટિમાત્રથી જ મુક્તિ મળે છે, તે ગુરુના ગુરુ સદ્‌ગુરુના શ્રીચરણોમાં તેં સર્વ સમર્પણ નથી કર્યું, તે જ તેનું કારણ છે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧

પસંદગીમાં ખૂબ જ ધ્યાન રાખવું તથા ભગવાનની પ્રાર્થનાનો આધાર લેવો. તેથી ખરાબ વિચારો દૂર થાય છે અને સારા વિચારો વધે છે. જીવનમાં પવિત્ર વિચારો અને વિશુદ્ધ આચારની ખૂબ જ આવશ્યકતા છે, નિયમિત ધ્યાનજપ કરતા રહેજો, તમને જે તંદ્રામાં સ્વપ્ન આવ્યું તે ઘણું સારું છે, તે પરમાત્માની કૃપા બતાવે છે. વધારે ને વધારે પ્રમાણમાં ભજન કરો તેવું તે સૂચવે છે. જાગૃતિમાં વધારે ને વધારે પ્રમાણમાં પ્રભુસ્મરણ કરતા રહેજો. શાંતિ મળશે."

### કેનેડાના સાધક શ્રી દશરથ શાહ પરનો પ્રેરક પત્રસંદેશ

### (૮) દિવાળીનું રહસ્ય

કેનેડાના ઓન્ટારિયો ખાતે શ્રી દશરથભાઈ એચ. શાહને ટોરન્ટોથી તા. ૨૫–૧૦–૧૯૭૫ ના રોજ દિવાળી શુભેચ્છા–સંદેશ આશીર્વાદ પાઠવતાં તેમણે અંગ્રેજીમાં લખ્યું છે–'Diwali is the day of illumination, rejoicing, It is said that Lord Rama after conguering Ravana returned to Ayodhya and the people of Ayodhya celebrated that ocassion as Diwali. Feople celebrating this traditional outstanding celestial day, rejoice around, move with merriment, wear new beautiful dresses, eat sweets and decorate their dwellings with lights, candles, flowers etc. It is the last day of the year, Time passes very swiftly and rapidly. It has swallowed one more calender year to–day. It waits for no body and nothing.



we are previledged for celebrating the Diwali day with merriment, but simultaneously should take into account the outstariding events of the passing year, contemplate over them, find out our mistak or drawbackes, cast a glance at the past progress, and vesolre for tomorrow's peace, pleasure, progress and earnest advancement, we should carve out schemes for our future betterment, peace, pleasure, glory and stability.

we should not safisfy ourselves merely by external lights, candles, sweets and illumination, but defermine and endeavour for the alround annihilation of ignorance, lust, selfishness, attacfiment within our conscience and adore the soul with internal illumination, Let the divine sacred lights of love glitter on our countenances. Lef our hearts become sweet with kindness, compassion, benevolence and spirit of sacrifice, Let our lives begin to blossom with the fragrant flowers of humanity. From tomorrow, the most auspicious new year day, accouding to the traditional Indian calender, let us ponder and strive deter- minedly and most enthusiastically for shaping our